RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 152** **Dt. 25-12-2025** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# પાક-બાંગ્લા ભારત વિરુદ્ધ ઓકી શકે ઝેર

## બાંગ્લાદેશ સાથેના સંરક્ષણ કરારોમાં પાકિસ્તાન તેની પરમાણુ-શક્તિને પણ સામેલ કરવા માગે છે જે ભારત માટે જોખમ

નવીદિલ્હી, તા. ૨૪
બાંગ્લાદેશમાં જેહાદીઓ દ્વારા દીપુ ચંદ્ર દાસ નામના એક હિન્દુની ક્રૂર હત્યા એક આંતરરાષ્ટ્રીય મુદ્દો બની ગયો છે. ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન રાજા કૃષ્ણમૂર્તિ અને સુહાસ સુબ્રમણ્યમે કટ્ટરપંથી ટોળા દ્વારા દીપુ ચંદ્ર દાસની ક્રૂર હત્યાની નિંદા કરી અને બાંગ્લાદેશી અધિકારીઓને હિન્દુઓને સુરક્ષા પૂરી પાડવા હાકલ કરી. બાંગ્લાદેશમાં જેહાદીઓ દ્વારા હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારોની નિંદા કરતા હિન્દુ સંગઠનોએ સમગ્ર ભારતમાં વિરોધ પ્રદર્શનો કર્યા. નવી દિલ્હી, કોલકાતા, ભોપાલ, વારાણસી, હૈદરાબાદ અને જમ્મુમાં વિરોધ પ્રદર્શનો થયા. દિલ્હી અને કોલકાતામાં બાંગ્લાદેશ મિશનની બહાર વિરોધીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ. બાંગ્લાદેશમાં, ઈન્કલાબ મંચ અને અન્ય જેહાદી સંગઠનોએ રેલીઓ યોજી, લોકોને ભારતને નિશાન બનાવવાનું વચન આપ્યું.

ભારત માટે સૌથી વધુ ચિંતાનો વિષય તે છે કે બંને દેશો એક-બીજાને જાસૂસી માહિતી તો આપલે કરશે જ પરંતુ લશ્કરી કવાયતો પણ કરશે. આથી પણ વધુ ચિંતાનો વિષય ભારત માટે તે છે કે બાંગ્લાદેશ સાથેના સંરક્ષણ કરારોમાં પાકિસ્તાન તેની પરમાણુ-શક્તિને પણ સામેલ કરવા માગે છે. તેણે સાઉદી અરબસ્તાન સાથે પણ પરમાણુ-શક્તિ આપવાના કરારો કર્યા છે. જો આમ બને તો બંને દેશો સાથે મળી ભારત ઉપર ભારે મોટું સંકટ ઉભું કરી શકે તેમ છે.



બીજી તરફ કેટલાક નિરીક્ષકો તેવું પણ અનુમાન બાંધી રહ્યા છે કે બંને દેશોમાં ભારે આંતરિક અશાંતિ ઊભી થઈ છે. તે એટલી હદે વ્યાપક બની છે કે, બાંગ્લાદેશની યુનુસ-સરકાર અને પાકિસ્તાની શરીફ સરકારનાં સત્તાસનો અસ્થિર છે. તેથી આ કરારોનું મહત્વ ન પણ રહે. નિરીક્ષકોના આ તારણો સ્વીકારીએ તો પણ બંને દેશો વચ્ચેની સાંઠ-ગાંઠની તલભાર પણ ઉપેક્ષા કરવી ભારતને પોસાય તેમ નથી. પાકિસ્તાન ત્યા બાંગ્લાદેશની ચૂંટણી યોજાય તે પહેતાં કરારો પાકા કરી નાખવા માગે છે.

ઢાકામાં, ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને ભારતમાં બાંગ્લાદેશી રાજદ્વારી મિશનની સુરક્ષા સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું હતું. દિલ્હીમાં, બાંગ્લાદેશ હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને તેમના દેશમાં ભારતીયો અને હિન્દુઓ સહિત અન્ય લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ દરમિયાન, કોંગ્રેસના નેતાઓ દિગ્વિજય સિંહ અને રાશિદ અલ્વીએ વિવાદાસ્પદ નિવેદનો આપ્યા, જેમાં આરોપ લગાવ્યો કે બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓ એ જ કરી રહ્યા છે જે ભારતમાં હિન્દુ કટ્ટરપંથીઓ કરી રહ્યા છે. રાશિદ અલ્વીએ આરોપ લગાવ્યો કે ભારતમાં મુસ્લિમોની હત્યા થઈ રહી છે અને મસ્જિદો પર હુમલા થઈ રહ્યા છે. કોંગ્રેસના નેતાઓએ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના દ્વારા બહાર પાડવામાં આવેલ વિડિઓ જોવો જોઈએ, જે હાલમાં ભારતમાં નિર્વાસિત છે.

વીડિયોમાં, શેખ હસીનાએ આરોપ લગાવ્યો કે વર્તમાન બાંગ્લાદેશ સરકાર જેહાદી કટ્ટરપંથીઓને પ્રોત્સાહન આપી રહી છે જેઓ હત્યા અને આગચંપીમાં સામેલ છે. શેખ હસીનાએ ૧૮ ડિસેમ્બરે મૈમનસિંહમાં દીપુ ચંદ્ર દાસની ક્રૂર હત્યાની નિંદા કરી. ''બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારોનો વીડિયો જોનાર કોઈપણ ભારતીય ગુસ્સે થશે.'' હિન્દુઓ માત્ર અસુરક્ષિત અનુભવતા નથી, પરંતુ પરિસ્થિતિ એવી બની ગઈ છે કે બાંગ્લાદેશમાં હિન્દુ હોવું પાપ બની ગયું છે.

# અરવલ્લી પર્વતમાળામાં લીઝ પર પ્રતિબંધ

## પર્યાવરણ મંત્રાલયે રાજ્ય સરકારોને સ્પષ્ટ સંદેશ આપ્યો, અરવલ્લી પર્વતમાળાના કોઈપણ ભાગમાં કોઈ નવી ખાણકામ પરવાનગી આપવામાં આવશે નહીં

નવીદિલ્હી, તા. ૨૪
કેન્દ્ર સરકારે અરવલ્લી પર્વતમાળાને બરબાદ કરનારાઓ પર કડક કાર્યવાહી કરી છે. સરકારે સમગ્ર અરવલ્લી પર્વતમાળામાં નવા ખાણકામ લીઝ આપવા પર ''સંપૂર્ણ પ્રતિબંધ'' લાદ્યો છે. આ આદેશ ગેરકાયદેસર ખાણકામ અને માફિયા શાસન પર અત્યાર સુધીનો સૌથી કડક કાર્યવાહી દર્શાવે છે. પર્યાવરણ મંત્રાલયે રાજ્ય સરકારોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે: ''અરવલ્લી પર્વતમાળાના કોઈપણ ભાગમાં કોઈ નવી ખાણકામ પરવાનગી આપવામાં આવશે નહીં.'' આ નિયમ સમગ્ર લેન્ડસ્કેપ પર સમાન રીતે લાગુ પડશે. તેનો ઉદ્દેશ્ય અનિયંત્રિત ખાણકામને કાયમી ધોરણે સમાપ્ત કરવાનો છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે પર્યાવરણ અને ઘટતા પાણીના સ્તર સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. News18 India એ વારંવાર ખુલાસો કર્યો છે કે અરવલ્લી પર્વતમાળામાં ગેરકાયદેસર રીતે ખોદકામ કેવી રીતે થઈ રહ્યું છે. આ અહેવાલ બાદ, સરકારે આ ઐતિહાસિક પગલું ભર્યું છે. હવે, ખાણકામ માફિયાઓ માટે અરવલ્લી પર્વતમાળામાં નવી રમત રમવાનો કોઈ અવકાશ નથી.

આ નિર્ણયથી રાજકારણ પણ ગરમાયું છે. કોંગ્રેસે સરકારના ઈરાદા પર સવાલ ઉઠાવ્યા છે. ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આરોપ લગાવ્યો છે કે સરકાર અરવલ્લી પર્વતમાળાની ''વ્યાખ્યા'' બદલીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. સરકાર ખાણકામ અટકાવી રહી છે, ત્યારે વિપક્ષનો આરોપ છે કે તેની નીતિઓ અસ્પષ્ટ છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) એ તમામ સંબંધિત રાજ્યોને નિર્દેશો જારી કર્યા છે. આદેશ મુજબ, સમગ્ર અરવલ્લી લેન્ડસ્કેપમાં કોઈ નવા ખાણકામ લીઝને મંજૂરી આપવામાં આવશે નહીં. ઉદ્દેશ્ય અરવલ્લીને ''સતત ભૂસ્તરશાસ્ત્રીય પર્વતમાળા'' તરીકે સાચવવાનો છે. સરકાર ખાતરી કરવા માંગે છે કે દિલ્હી-NCR થી ગુજરાત સુધી ફેલાયેલી આ પર્વતમાળા તૂટે નહીં. ગેરકાયદેસર અને અનિયંત્રિત ખાણકામને કારણે નોંધપાત્ર નુકસાન થયું છે.

સરકારે હાલમાં કાર્યરત ખાણોને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો નથી, પરંતુ તેના નિયંત્રણો કડક કર્યા છે. આદેશમાં જણાવાયું છે કે રાજ્ય સરકારો હાલમાં કાર્યરત ખાણોમાં પર્યાવરણીય નિયમોનો કડક અમલ કરશે. કામગીરી સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર હાથ ધરવામાં આવશે. પર્યાવરણીય નુકસાનને ઓછું કરવા માટે હાલની ખાણકામ પ્રવૃત્તિઓ પર વધારાના નિયંત્રણો લાદવામાં આવશે. સરકાર દાવો કરે છે કે તે અરવલ્લી ઈકોસિસ્ટમના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે કારણ કે તે રણીકરણને અટકાવે છે અને પાણીને રિચાર્જ કરવામાં મદદ કરે છે.

સરકારના નિર્ણય બાદ, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે અરવલ્લી પર્વતમાળા સામે ઝુંબેશ શરૂ કરી છે. તેમણે પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ પર જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ''ડ'' પર લખ્યું, ''એ સ્પષ્ટ થઈ ગયું છે કે કેન્દ્રીય મંત્રી અરવલ્લી મુદ્દા પર સત્ય કહી રહ્યા નથી.'' તેમણે કહ્યું કે સરકાર અરવલ્લીની વ્યાખ્યામાં જે ફેરફારો કરી રહી છે તે ગંભીર રીતે ખામીયુક્ત છે. સોમવારે અગાઉ, ભૂપેન્દ્ર યાદવે કોંગ્રેસના આરોપોને ફગાવી દેતા કહ્યું હતું કે કોંગ્રેસ ''ખોટી માહિતી'' ફેલાવી રહી છે. યાદવે દલીલ કરી હતી કે અરવલ્લી પર્વતમાળાના માત્ર ૦.૧૯ ટકા ભાગનું કાયદેસર રીતે ખાણકામ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે મોદી સરકાર અરવલ્લી પર્વતમાળાના રક્ષણ અને પુનઃસ્થાપન માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સરકાર કહે છે કે તે ગેરકાયદેસર ખાણકામ અટકાવવા માટે નિયમોને કડક બનાવી રહી છે, તેમને હળવા કરી રહી નથી.



# જુનાગઢ-મહેસાણાના ખેડૂતોને વળતર ચુકવો

## રાજ્ય સ્વાગતમાં ૯૭ જેટલી રજૂઆત : નાગરિકોની રજૂઆતોનું સામુહિક પ્રયત્નોથી જરૂરી નિવારણ લાવવા આદેશ



રાજકોટ, તા. ૨૪
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડિસેમ્બર-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં રજૂઆત કરવા આવેલા નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેના યોગ્ય નિવારણ માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપી હતી. તેમણે રાજ્યના વિભાગો અને વહીવટી તંત્રના અધિકારીઓને આ સંદર્ભમાં એવી પણ તાકિદ કરી હતી કે, સ્વાગતમાં આવતી રજૂઆતોનું નિવારણ સામૂહિક પ્રયત્નોથી લાવવું જોઈએ.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણના ઉપક્રમમાં ડિસેમ્બર-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં રાજ્યભરમાંથી ૯૭થી વધુ રજૂઆત કર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહિ, જિલ્લા સ્વાગતની ૧૨૮૪ અને તાલુકા સ્વાગતની ૨૪૫૮ રજૂઆતો-પ્રશ્નો સંદર્ભમાં જિલ્લા તાલુકા કક્ષાએ નિવારણની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની સમક્ષ થયેલી રજૂઆતોમાં સંવેદના સ્પર્શી અભિગમ દાખવીને આવી રજૂઆતોના યોગ્ય નિવારણ માટે સંબંધિત જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ તાકિદ કરી હતી. તેમણે જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના એક ધરતી પુત્રને તેના ખેતરમાં જવા માટેનો રસ્તો સ્થાનિક સ્થિતિએ જરૂરી ચકાસણી કરીને મેળવી આપવા જિલ્લા કલેક્ટરને સૂચના આપી હતી. આ ઉપરાંત સીપુ યોજના અન્વયે સાબરમતી સરસ્વતી લિન્ક કેનાલ યોજનામાં મહેસાણાના ખેડૂતની સંપાદિત થયેલી ખેતીની જમીનનું વળતર તાત્કાલિક ચુકવવાના દિશાનિર્દેશો કલેકટરને આપ્યા હતા.

મુખ્યમંત્રીએ નગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ અને નાગરિક સુવિધાના કામોમાં ક્વોલિટી જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું અને આવા કામોમાં બેદરકારી કે નિષ્કાળજી દાખવનારાઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી હતી.

વાપી નગરપાલિકા વિસ્તારમાં સંયૂક્ત માલિકીની જમીનમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ કનેક્શન માટે કરવામાં આવતા અવરોધો દૂર કરીને આ કનેક્શન તાત્કાલિક આપવા અને બાબરા તાલુકાના રજૂઆત કર્તાને સરકારે ફાળવેલા મફત ઘરના પ્લોટની ગામના નમૂનામાં નોંધ કરીને માલિકી હક આપવા મુખ્યમંત્રીએ સંબંધિત તંત્રવાહકોને કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારીઓ ધીરજ પારેખ અને રાકેશ વ્યાસ તેમજ સંબંધિત વિભાગોના સચિવો ગાંધીનગરથી તથા જિલ્લા કલેકટરો વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા.

# વાઈબ્રન્ટ સાથે ૧૦મીએ રેસકોર્સમાં આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ

## ૫૨ દેશોના ૧૫૦ પણ વધુ પતંગબાજો બતાવશે કાંડાનું કૌવત

## મહાનગરપાલિકાની બાદબાકી કરી પ્રવાસન વિભાગનું એકલા આયોજન

રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં જાન્યુઆરી મહિનામાં ગુજરાત વાઇબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે વાઇબ્રન્ટ સમિટની સાથોસાથ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ પણ યોજવામાં આવશે. આ માટે પ્રવાસન વિભાગે મહાનગરપાલિકાને પત્ર લખી તારીખ ૧૦ જાન્યુઆરીએ રેસકોર્સ મેદાન ખાલી રાખવા જણાવી દીધું છે.

આ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવમાં અલગ અલગ બાવન દેશોના ૧૫૦ થી વધુ પતંગબાજોનું રજીસ્ટ્રેશન થઇ ગયું છે રાજકોટ ઉપરાંત સુરત, અમદાવાદ અને વડનગર ખાતે પણ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ યોજાશે.

તા. ૧૦ જાન્યુઆરીથી રાજકોટમાં યોજાનારા ગુજરાત વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષીને પ્રવાસન વિભાગ દ્વારા રેસકોર્સ મેદાનમાં અમદાવાદના કાંકરિયાની જેમ રાજકોટમાં પણ ભવ્ય આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે મહાનગરપાલિકાને સાથે રાખીને ધર્મેન્દ્રસિંહજી કોલેજના મેદાનમાં આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ યોજાતો હોય છે. પણ આ વખતે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પ્રવાસન



વિભાગ એકલું આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવનું આયોજન કરશે. મહાનગરપાલિકાનો તેમાં સાથ સહકાર માંગવામાં આવ્યો નથી. પણ, પ્રવાસન વિભાગે મહાનગરપાલિકાને પત્ર લખીને તારીખ ૧૦ જાન્યુઆરીએ રેસકોર્સ મેદાનની માગણી પણ કરી છે.

રાજકોટમાં ગુજરાત વાઇબ્રન્ટ સમિટમા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ , અનેક દેશોના વડાપ્રધાનો, કેન્દ્ર સરકારના પ્રધાનો, જાણીતા ઉદ્યોગપતિઓ હાજરી આપવાના છે. વાઈબ્રન્ટ સમિટ બાદ તુરંત જ મકરસંક્રાંતીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે સમિટને અનુલક્ષીને તા. ૧૦ જાન્યુઆરીએ જ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. સંભવ છે કે, આ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ તારીખ ૧૦,૧૧ અને ૧૨ જાન્યુઆરી સળંગ ત્રણ દિવસ સુધી વાઇબ્રન્ટની સાથોસાથ ચાલુ રાખવામાં આવશે.

મહાનગરપાલિકાના સુત્રોએ એવું કહ્યું હતું કે, સામાન્ય સંજોગોમાં પ્રવાસન વિભાગ જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં મહાનગરપાલિકાને આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવની ઉજવણી માટે પત્ર લખતું હોય છે. પણ આ વખતે અગાઉથી જ પત્ર લખીને આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવને અનુલક્ષીને આગામી તા.૧૦મી જાન્યુઆરીએ રેસકોર્સ મેદાન ખાલી રાખવા જણાવી દીધું છે. જોકે, આ આંતરરાષ્ટ્રિય કાઇટ ફેસ્ટિવલમાં મહાનગરપાલિકાને સહભાગી બનાવવામાં આવ્યું નથી. અને પ્રવાસન વિભાગ એકલા હાથે આયોજન કરી રહ્યું છે.

પ્રવાસન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ અમદાવાદના કાંકરિયા ખાતે યોજાતા આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ જેવો જાજરમાન હશે. પતંગ મહોત્સવમાં દેશ વિદેશના મહાનુભાવો અને પતંગબાજો મોટી સંખ્યામાં ઉમટી પડીને કાંડનું કૌવત બતાવશે . અત્યાર સુધીમાં બાવન દેશોના ૧૫૦ થી વધુ પતંગબાજોનું રજીસ્ટ્રેશન થયું છે. તેઓએ એમ પણ કહ્યું હતું. જો કે આ બાવન દેશોમાથી ક્યાં દેશના કેટલાં પતંગબાજો આ કાઇટ ફેસ્ટિવલમાં ભાગ લેશે તેની સંખ્યા મોડથી જાહેર કરવામાં આવશે.



# રાજકોટ ડિવિઝનની મંડળ રેલ ઉપભોક્તા સલાહકારની બેઠક

## રેલવેની સમસ્યાઓ, નવી ટ્રેનો શરૂ કરવા, ટ્રેનોના સ્ટોપેજ વધારવા, ટ્રેનોના રૂટ લંબાવવા, ડબલ ટ્રેક સહિતના વિવિધ પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા થયા સૂચનો

રાજકોટ, તા. ૨૪

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ખાતે મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સમિતિના સચિવ અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાએ તમામ માનનીય સભ્યોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમિતિના અધ્યક્ષ અને ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ ડિવિઝનની મુખ્ય સિદ્ધિઓ અને મુસાફરો માટે ઉપલબ્ધ સુવિધાઓ અંગે સભ્યોને વિગતવાર માહિતી આપી હતી.

બેઠક દરમિયાન સમિતિના સભ્યોએ પોતપોતાના ક્ષેત્રને લગતી રેલવેની સમસ્યાઓ, નવી ટ્રેનો શરૂ કરવા, ટ્રેનોના સ્ટોપેજ વધારવા, ટ્રેનોના રૂટ લંબાવવા, ડબલ ટ્રેક સહિતના વિવિધ પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા અને સ્ટેશનો પર વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા અંગે પોતાના મૂલ્યવાન સૂચનો રજૂ કર્યા હતા.

ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ સભ્યો દ્વારા આપવામાં આવેલા તમામ સૂચનો પર વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે સમિતિના માનનીય સભ્યો પાર્થિવકુમાર ગણાત્રા, પૂજા વઘાસિયા, અમૃતલાલ વાઢેર, દિપકભાઈ રવાણી, ડો. મયંક ઠક્કર, કેતન દફતરી, નાનજીભાઈ ખીમસૂરિયા, પ્રદીપ મહેતા, રાજભાઈ ગંગાણી, રાજીવભાઈ દોશી, યોગેશ મિશ્રા, નરેન્દ્ર પંચાણી, પ્રવીણ ત્રિવેદી અને સુધીર વછરાજાની ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કુમાર ચૌબે સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# લાખાજીરાજ રોડ પર દબાણ હટાવ શાખા ત્રાટકી

## વેપારીઓના આંદોલન અને કમિશનરના આદેશ બાદ દબાણ હટાવવાનો પ્રારંભ

રાજકોટ, તા. ૨૪

શહેરની રાજાશાહી વખતની મુખ્ય બજાર એવી લાખાજીરાજ રોડ પર પાથરણાં વાળા, ફેરિયાઓ અને વેપારીઓ વચ્ચે દબાણ મુદ્દે ચાલતા ઘર્ષણ વચ્ચે ગઇકાલે વેપારીઓએ બંધ પાળી ઉપવાસ આંદોલન કર્યાં પછી ધારાસભ્યો અને પદાધિકારીઓના કહેવાથી કમિશનરે દબાણ હટાવ શાખાને લાખાજીરાજ રોડ પરના તમામ દબાણ દૂર કરવા આદેશ કર્યો હતો.

આ આદેશ ના પગલે આજે સવારથી જ દબાણ હટાવ શાખાનાં અધિકારીઓ અને ટીમ લાખાજીરાજ રોડને ઘમરોળી નાખતા પાથરણાં વાળા અને ફેરિયાઓ માં નાસભાગ મચી ગઇ હતી. આમછતાં કેટલાક ફેરીયાઓ અને પાથરણાં વાળા ઝપટે ચડી જતાં તેઓનો માલ સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. શહેરીજનો માટે તહેવારો પર અને સામાન્ય દિવસોમાં ખરીદી માટે મુખ્ય ગણાતી લાખાજીરાજ રોડ અને ધર્મેન્દ્ર રોડ પરની માર્કેટમાં પાથરણાં વાળા અને ફેરિયાઓના કાયમી અડ્ડા થી દૂકાનદારોને વેપાર ધંધામાં ફટકો પડી રહ્યો છે. આ મુદ્દે છેલ્લા પાંચ વર્ષથી બન્ને પક્ષે ઘર્ષણ, માથાકૂટ અને છાશવારે આંદોલન થાય છે. થોડો સમય બધું સરખું ચાલ્યા બાદ ફરીથી એક ની એક જ પરિસ્થિતિ થઇ જાય છે .કમિશ્નરના આદેશથી આજથી દબાણ હટાવ શાખા દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે પણ, આ ઝુંબેશ કેટલો સમય ચાલશે એ આવનારો સમય જ કહેશે.

# અરવિંદભાઈ મણીયાર હોલનું ભાડું ૬ હજાર થશે

## આગામી સ્ટેન્ડિંગ બેઠકમાં આવશે દરખાસ્ત

## સંતોષ પાર્કમાં બનેલા કોમ્યુનિટી હોલના બે યુનિટના અલગ અલગ ભાડાં માટે પણ થશે દરખાસ્ત



રાજકોટ, તા. ૨૪

શહેરની મધ્યમાં જ્યુબિલી બાગમાં આવેલા અરવિંદભાઈ મણિયાર કોમ્યુનિટી હોલ લાંબા સમયથી બંધ રહ્યા બાદ તેનું નવ નિર્માણ પુરું થતા હવે ફરીથી સાંસ્કૃતિક અને સામાજિક સહિત વિવિધ કાર્યક્રમો માટે જાન્યુઆરી માસમાં લોકાર્પણ કરવામાં આવશે. આવી જ રીતે રૈયા રોડ પર બનેલા સંતોષ પાર્કમાં બનેલા અત્યાધુનિક એરકન્ડિશન અને નોન એર કન્ડિશન કોમ્યુનિટી હોલ પણ તૈયાર થઈ જતાં આ હોલના બન્ને યુનિટના અલગ અલગ ભાડાં નક્કી કરવા આગામી સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા જ્યુબિલિ બાગમાં આવેલા અને જર્જરિત તેમજ જોખમી બની ગયેલા અરવિંદભાઈ મણીયાર હોલનું રૂપિયા એક કરોડથી વધુના ખર્ચે નવનિર્માણ કરાયા બાદ હવે જાન્યુઆરી મહિનામાં તેનું લોકાર્પણ કરવામાં આવશે. આ પહેલા ભાડું નિયત કરવા આગામી સમયમાં મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં દરખાસ્ત કરવામાં આવશે.

અગાઉ અરવિંદભાઈ મણીયાર હોલનું ભાડું એક શિફ્ટ મુજબ રૂપિયા ૨૫૦૦ લેવાતું હતું તે હવે વધારીને શિફ્ટ મુજબ રૂપિયા છ હજાર કરવા દરખાસ્ત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાના અટલ બિહારી વાજપેયી કોમ્યુનિટી હોલનું ભાડું રૂપિયા સાત હજાર છે અને તેમાં ૭૦૦ સીટની વ્યવસ્થા છે. આવી જ રીતે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમનુ ભાડું રૂપિયા આઠ હજાર છે અને તેમાં ૮૯૨ સીટની બેઠક વ્યવસ્થા છે.

નવ નિર્મિત અરવિંદભાઈ મણીયાર હોલમાં ૬૨૫ જુની સાદી બેઠક વ્યવસ્થા દુર કરી ૫૧૯ પુશબેક ચેર મુકવામાં આવી છે . આવી જ રીતે, હોલમાં સેન્ટ્રલી એર કન્ડિશન સિસ્ટમ , રજવાડી એન્ટ્રી ગેટ પણ બનાવાયો છે. અરવિંદભાઈ મણીયાર હોલની સાથોસાથ રૈયા રોડ પર સંતોષ પાર્કમાં બનેલા અત્યાધુનિક સુવિધાઓ સાથેનાં કોમ્યુનિટી હોલનું ભાડું નિયત કરવા માટે પણ સ્ટેન્ડિંગમાં

દરખાસ્ત કરવામાં આવશે. આ કોમ્યુનિટી હોલમાં બે યુનિટ છે. જેમાં એક એર કન્ડિશન અને એક નોન એર કન્ડિશન છે.

ગ્રાઉન્ડ ફ્લોર માં આવેલા નોન એર કન્ડિશન હોલ માટે ૨૦ હજાર અને પહેલાં માળે આવેલા એર કન્ડિશન યુનિટ માટે રૂપિયા ૩૦ હજારનું ભાડું નિયત કરવા માટે સ્ટેન્ડિંગ માં દરખાસ્ત કરવામાં આવશે. આ નવ નિર્મિત કોમ્યુનિટી હોલમાં પારડી રોડ પર આવેલા અભયભાઈ ભારદ્વાજ કોમ્યુનિટી હોલ જેટલી સગવડતા છે





# અમારા વિસ્તારમાં અશાંતધારો લાગુ કરો : મનોહરસિંહ જાડેજા

## ૨૫૦ જેટલા લત્તાવાસીઓની ધારાસભ્યો દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળાને સાથે રાખી કલેકટરને ઉગ્ર રજૂઆત

રાજકોટ, તા.૨૪

રૂડાનગર - ૨ વિસ્તારની જુદી જુદી સોસાયટી ૨૦૦-૨૫૦ રહીશો આજે કલેક્ટર કચેરીએ દોડી જઈને પોતાનો વિસ્તાર અશાંતધારા હેઠળ આવરી લેવાની બુલંદ માંગ કરી હતી.

મળતી વિગતો મુજબ શહેરના રૂડાનગર -૨, કાલાવડ રોડ, યુનિવર્સીટી વિસ્તારની સોસાયટીના લોકોનું ટોળું કલેકટર કચેરીએ ઘસી ગયું હતું અને અસલામતી અનુભવીએ તમામ રહીશોએ એકીસુરે પોતાના વિસ્તારમાં અશાંત ધારાની મુદ્દત વધારવા તાત્કાલિક પ્રક્રિયા શરુ કરવાની માંગ કરી હતી. લાત્તાવાસીઓની સાથે ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ સહીતના રાજકીય આગેવાનો પણ જોડાયા હતા અને લાત્તાવાસીઓની માંગ તાકીદે પૂરી કરવા પૂર્ણ કરવા માંગણી દોહરાવતા કલેકટર દ્વારા યોગ્ય કરવાની ખાતરી અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે આ વિસ્તારના જાણીતા એડવોકેટ મનોહરસિંહ જાડેજાએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે, તેઓના રૂડાનગર-૨, યુનીવર્સીટી વિસ્તારને અશાંતધારા હેઠળ આવરી લેવું જરૂરી છે. કેમકે આ વિસ્તારમાં ગેરકાયદે એક દરગાહ પણ ઉભી કરી દેવાઈ છે તેમજ થોડા સમય પહેલા જ એક ખુનનો બનાવ બની ગયો છે. તેઓના વિસ્તારની પ્રજા અસલામતી અનુભવે તે પહેલા અહી અશાંતધારો લાગુ કરવાની કલેકટર સમક્ષ માંગ કરી હતી. તે સિવાય ગેરકાયદે ઉભી થઇ ગયેલી દરગાહ દૂર કરવા પણ પખવાડિયા પહેલા કલેકટરને રજૂઆત કરવામાં આવી હોવાનું તેઓએ જણાવ્યું હતું. લાત્તાવાસીઓની બુલંદ માંગને ધ્યાને રાખીને કલેકટર દ્વારા અશાંતધારાની પ્રક્રિયા આગળ ધપાવવા અને સંબંધિતોને જાણ કરવાની ખાતરી આપી હતી. જોકે જો વહેલીતકે ઘટતું નહિ કરવામાં આવે તો હાઈકોર્ટમાં રીટ કરી ન્યાય મેળવીશું તેવું એડવોકેટ મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

## હવે પછી કૂતરા તગડ્યા છે તો તને જાનથી મારી નાખીશું...

# કૂતરા બાબતે વૃદ્ધ પર પિતા-પુત્રનો હુમલો

## રૈયાધાર વિસ્તારમાં લખધીરસિંહ-વિશ્વરાજસિંહએ વૃદ્ધને ઈંટના ટુકડા વડે માથું ફોડ્યું

રાજકોટ તા. ૨૪

શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ તો વધ્યો જ છે, પરંતુ હવે કૂતરાને ભગાડવા જેવી સામાન્ય બાબતે પણ લોહીલુહાણ મારામારીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને ઈંટોના ભઠ્ઠાના વ્યવસાય સાથે સંકળાયેલા એક ૫૯ વર્ષીય વૃદ્ધ પર પિતા-પુત્રએ મળીને જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

શાસ્ત્રી નગર શેરી નં. ૪ માં રહેતા મુકેશભાઈ નરશીભાઈ આશીયાણી (ઉ.વ. ૫૯) એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે ત્રેવીસમીના સાંજે તેઓ તેમની પુત્રવધૂ પૂજાબેનને મોટરસાયકલ પર બેસાડીને રૈયાધાર બંસીધર પાર્ક પાસે આવેલા ઈંટોના ભઠ્ઠે મુકવા ગયા હતા. પુત્રવધૂ જ્યારે ભઠ્ઠા પાસે ઉતરીને ઘર તરફ જઈ રહ્યા હતા, ત્યારે અચાનક કેટલાક કૂતરાઓ તેમની પાછળ દોડ્યા હતા. પુત્રવધૂને કૂતરાથી બચાવવા માટે મુકેશભાઈએ કૂતરાઓને ત્યાંથી તગડ્યા (ભગાડ્યા) હતા. આ સમયે ત્યાં હાજર વિશ્વરાજસિંહ જાડેજા નામના શખ્સે આવીને ''કૂતરાઓને કેમ તગડ્યા?'' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો.

બોલાચાલી દરમિયાન વિશ્વરાજસિંહના પિતા લખધીરસિંહ જાડેજા પણ ત્યાં દોડી આવ્યા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. મુકેશભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા લખધીરસિંહે જમીન પરથી ઈંટનો ગડબો (ટુકડો) ઉપાડી મુકેશભાઈના માથાના પાછળના ભાગે ઝીંકી દીધો હતો. ત્યારબાદ પિતા-પુત્ર બંનેએ ભેગા મળીને વૃદ્ધને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આસપાસના લોકો એકઠા થઈ જતા અને બાજુની વાડીના જાગાભાઈ કુમ્મરે વચ્ચે પડી મુકેશભાઈને વધુ માર ખાતા બચાવ્યા હતા. હુમલો કરનાર પિતા-પુત્રએ જતી વખતે ધમકી આપી હતી કે, ''હવે પછી કૂતરા તગડ્યા છે તો તને જાનથી મારી નાખીશું.''ઇજાગ્રસ્ત મુકેશભાઈને સારવાર અર્થે ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. હાલ પોલીસે મુકેશભાઈની ફરિયાદના આધારે લખધીરસિંહ જાડેજા અને વિશ્વરાજસિંહ જાડેજા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જંગલેશ્વરમાં ડિમોલિશન થાય તો કોંગ્રેસનું આંદોલન

## શહેર કોંગ્રેસના આગેવાનો મેદાને, સંબોધિ પત્રકાર પરિષદ : ભાજપના મનસુબાને સફળ ન કરવા કટિબધ્ધ



રાજકોટ, તા. ૨૪

આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત હાલ જંગલેશ્વર વિસ્તારના જે દબાણ છે તેને દૂર કરવા માટેનો તખતો રેવન્યુ વિભાગ દ્વારા એટલે કે કલેક્ટર તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે ત્યારે આશરે ૧૩૦૦ દબાણો દૂર કરવા માટે તંત્રએ તમામને નોટિસ ફટકારી છે અને ૨૯ મી એ દરેકને આધાર પુરાવા સાથે રજૂ થવા માટેનો પણ આદેશ કર્યો છે જો આધાર પુરાવા રજૂ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ડિમોલિશન કરવામાં આવશે અને જો ખરા અર્થમાં ડિમોશન શક્ય બને તો તંત્રનું આ સૌથી મોટું ડિમોલિશન પણ માનવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલ આ મુદ્દે કોંગ્રેસ હવે મેદાનમાં આવી છે અને ઉગ્ર વિરોધ કરવાનું જણાવ્યું છે કારણ કે કોંગ્રેસ આક્ષેપ કર્યો છે કે હાલ જે જમીન માફિયાઓ છે તેમના માટે આ જગ્યા ખાલી કરવામાં આવી રહી છે અને જો આ થશે તો કોંગ્રેસ વિરોધ પણ કરશે ત્યારે શહેર કોંગ્રેસ દ્વારા આ અંગે પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી.

હાલમાં જ રાજકોટ જિલ્લા કલેક્ટરની સુચના મુજબ શહેરનાં જંગલેશ્વર વિસ્તારમાં ૧૩૦૦થી વધુ દબાણો તોડી પાડવા રેવન્યુ તંત્રએ નોટીસો ફટકારી છે. જેને શહેર કોંગ્રેસે ઉગ્ર વિરોધ કરી હુંકાર કર્યો છે, કે અદાણીનાં ભાજપ સતાધીશોના ઈશારે આજી નદી કાંઠાનો વિસ્તાર જમીન માફીયાઓ માટ ખાલી કરાવવા નહી દઈએ અને તોડફોડ કરાશે તો, શુક્રવારથી ગુજરાત વ્યાપી આંદોલન કરીશું તેમ આજરોજ એક પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદિપસિંહ જાડેજા, વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનિલ રાજયગુરૂ, જસવંતસિંહ ભટ્ટી, અતુલ રાજાણી અને ડી.પી. મકવાણાએ જણાવેલ હતું.

વધુમાં કોંગ્રેસી આગેવાનોએ જણાવેલ હતું કે આજી નદી કાંઠાના વિસ્તારના ૫૦૦૦ મકાનને જેમાં વસતા ૫૦% હિન્દુ અને ૫૦% મુસ્લિમ વસ્તી ધરાવે છે. જમીન માફીયા માટે કલેકટર દ્વારા નોટિસ આપવી પોલીસના જોરે તે જમીન ખાલી કરાવી, બીજેપી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવાની પેરવી કરી રહી છે. તેને રાજકોટમાં સફળ નહીં થવા દઈએ. હિન્દુ મુસ્લિમ, વિકાસના નામે ગુજરાતને લૂંટવામાં આવી રહ્યું છે.

તે દરેક નાગરિક ઝડપથી સમજે તે જરૂરી છે. ગુજરાતના અનેક શહેરોમાં દસ્તાવેજ વાળા મકાન ધરાવતા લોકોના મકાન ધ્વસ્ત કર્યા અને તેને પીપી યોજનાના રૂપકડા નામથી મઢી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો. લોકોની જાણ માટે તે ફકત હિન્દુઓના મકાન હતા. મધ્યમ વર્ગના લોકો હતા. સુખી સંપન્ન લોકો પણ સમજી લેવું જરૂરી છે કે તેના જમીન મકાન ફેકટરી બીજેપીને ભ્રષ્ટાચારમાં નડતર રૂપ થશે તો તેનો પણ ઉલાળીયો થશે. બીજેપી તેની આર્થિક ભૂખ માટે સરકારી તંત્ર, પોલીસનો દુરઉપયોગ કરી ગમે તેની મિલકત પર આગ લગાડી શકે છે.

આગેવાનોએ કહ્યું હતું કે ગુજરાતને બાડી બામણીનું ખેતર સમજી લેનાર આ બીજેપી સરકારને કહેવા માગીએ છીએ કે ગુજરાતી એટલા બધા નમાલા નથી કે સમય આવ્યો રૂકજાવ ના કહીએ. બીજેપી યાદ રાખે વેપારી માનસિકતા ધરાવતી ગુજરાતી પ્રજા ગાંધી અને સરકારને પણ જન્મ આપી શકે છે. અંગ્રેજો જેવા આર્થીક ભૂખીયા બીજેપીના લોકો યાદ રાખવુ જરૂરી કે અંગ્રેજો પણ ભાગવું પડયું હતું. બીજેપીના આગેવાન કે સરકારી અધિકારીઓ ભ્રષ્ટ પૈસા માટે તેના ગુલામ બની બેઠા છે.

ગુજરાતમાં વસતા ગરીબ લોકો કે જે રોજગારી મેળવવા શહેરમાં આવી ૨૫ વાર જમીન પર તેનું મકાન બનાવી અન્ય લોકોની મજુરી કરી શહેરના વિકાસનો પાયો નાખ્યો તેનો આટલો પણ અધિકાર નહીં. મકાન વિહોણા થવાના ભય નીચે જીવતા ગુજરાતમાં વસતા મધ્યમ અને ગરીબ લોકોને સંગઠીત કરી રાજયવ્યાપી આંદોલનની શરૂઆત શુક્રવારથી કરાશે.

# સમરસ હોસ્ટેલમાં આપવામાં આવતું જમવાનું ગુણવત્તા યુક્ત

## રસોડામાં હાઈજિનિક કન્ડિશન ન જળવાતા આરોગ્ય વિભાગ એ પાઠવી માત્ર નોટિસ



રાજકોટ, તા. ૨૪

મંગળવાર ની રાત્રે સમરસ હોસ્ટેલ ખાતે વિદ્યાર્થી ઓને આપવામાં આવતા ખોરાકની ગુણવત્તા ન જડવાથી હોવાનું માલુમ પડતા એને સિવાય દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિરોધ વધુ ન વકરે તે માટે ગઈકાલે આરોગ્ય વિભાગની ટીમ સ્થળ પર પહોંચી સમગ્ર નિરીક્ષણ કર્યું હતું જેમાં પ્રાથમિક રિપોર્ટમાં હાઈજીન એટલે કે આરોગ્યપ્રદ સ્થિતિ ન હોવાથી વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી છે. સમરસ હોસ્ટેલમાં જમવાનુ યોગ્ય ગુણવતાનું ન હોવાની ફરિયાદ સાથે વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો અને સમાજ કલ્યાણ વિભાગને રજુઆત કરવામાં આવી હતી. આ બાદ મનપા આરોગ્ય વિભાગે સમરસ હોસ્ટેલના રસોડામાં ચેકિંગ તેમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતા ખાદ્યપ્રદાર્થનું રો-મટિરિયલ ચેક કરાતા તમામ સામગ્રી નિયમ મુજબ હોવાનું દેખાયું હતું.

આમ છતાં રસોડામાં ભારે ગંદકી હોવાના કારણે કોન્ટ્રાકટરને હાઈજેનીક સ્થિતિ જાળવવા નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ફૂડ અને આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓએ પીવાની પાણી અને ખાદ્ય ખોરાક મુદ્દે હોબાળો મચાવ્યો હતો. જેના પગલે ફૂડ અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હોસ્ટેલમાં તપાસ કરતા મામુલ પડેલ કે, વિદ્યાર્થીઓને અપાતુ પાણી શુધ્ધ છે. તેવી જ રીતે રસોઇની સામગ્રીની ચકાસણી કરતા અનાજ સહિતની વસ્તુ પણ નિયમ મુજબ યોગ્ય ગુણવતાનું દેખાયું હતું. આથી ત્યા તૈયાર કરવામાં આવેલ રસોઇ અધિકારીઓએ પણ આરોગી હતી અને ચકાસણી કરતા સમરસ હોસ્ટેલમાં અપાતુ ભોજન ગુણવતા સભર હોવાનુ બહાર આવ્યુ છે. પરંતુ રસોડામાં તપાસ કરતા અનેક જગ્યાએ ગંદકી જોવા મળી હતી. નિયમ મુજબ પુરતી સાફ સફાઇ થતી ન હોવાથી કોન્ટ્રાક્ટરને નોટીસ આપી હવે પછી આ પ્રકારની ફરિયાદ ઉભી થયે કડક પગલા લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

નવા કોન્ટ્રાક્ટર દ્વારા હાલ નિયમ મુજબ ભોજનાલય ચલાવવામાં આવી રહી છે. ચેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવતા સ્ટાર્ન્ડ હોવાનુ જણાય આવ્યુ છે. તેવી જ રીતે રસોઇમાં વપરાતા તમામ પ્રકારના રો-મટિરિયલ સ્ટાર્ન્ડ અને ધારાધોરણ મુજબના હોવાનું જોવા મળ્યું છે. જેના લીધે નવા કોન્ટ્રાક્ટર દ્વારા નિયમ મુજબની કામગીરી થતી હોવાથી ફકત હાઇજેનીક અંતર્ગત નોટિસ આપી કડક સુચના આપવામાં આવી છે. છતાં સમરસ હોસ્ટેલ રાજય સરકાર હેઠળ આવતી હોય આ અંગે સરકારમાં પણ જાણ કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. રાજકોટ મનપાની ટીમના ચેકીંગ ઉપરાંત સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પણ આ અંગે તપાસ ચાલુ રાખવામાં આવી છે.

એક તરફ પ્રાથમિક તપાસમાં જ્યારે આરોગ્ય વિભાગ એમ કહે છે કે વિદ્યાર્થીઓને આપવામાં આવતું જમવાનું ગુણવત્તા સફર છે તો જે ઇયળો સહિત અનેક ચીજ વસ્તુઓ જે નબળી ગુણવત્તાવાળી હતી તે કેવી રીતે આવી. આ લા બાબતે ગાંધીનગરની ટીમ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવશે તેવી હાલ અટકડો ચાલી રહી છે પરંતુ ભીનું સંકેલવાની વૃત્તિ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હોવાનું પણ હાલ ચર્ચાઇ રહ્યું છે. આ અંગે હવે તંત્ર શું પગલાં લેશે તે જોવાનું રહ્યું.

# વેરા વસુલાત વિભાગને ૩૧૫ કરોડની આવક

## ૨૪ ડિસેમ્બર સુધીમાં ૨૬૭ મિલકતો કરાઈ સીલ : ૩.૯૩ લાખ કરદાતાએ ભર્યો ટેક્સ




રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે વેરાની વસુલાત ચાલુ થયેલીછે. ત્યારે ૩,૯૩,૦૦૫ કરદાતા દ્વારા ૩૧૫.૦૫ કરોડની વેરા ભરપાઈ કરવામાં આવેલ છે. હાલા તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ વેરા વસુલાત વિભાગ માટે આવનારા દિવસો પણ સહેલા નથી કારણ કે જે લક્ષ્યાંક સુધી પહોંચવાનો નિર્ધાર કર્યો છે તે અત્યંત કપરો છે ત્યારે હવે વેરા વસુલાત વિભાગ દ્વારા ક્યા પ્રકારે કામગીરી યાદ કરવામાં આવશે તે જરૂરી છે. બીજી તરફ ચૂંટણી પૂર્વે લોકોનો ભરોસો જીતવા હાલ સીલીંગ ઝુંબેશને પણ હળવી રાખવા માટેની વાત સત્તાધિશો દ્વારા કહેવામાં આવી છે તો બીજી તરફ વાઇબ્રન્ટ કોન્ફરન્સને લઈને અત્યારે પણ હાલ તંત્ર એ કામમાં લાગી ચૂક્યું છે ત્યારે આગામી દિવસોમાં હજુ પણ સીલીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે તો નવાઈની પરંતુ જે વેગથી કામગીરી થતી તે હવે થશે નહીં.

હાલ વિભાગના જણાવ્યા અનુસાર મહત્વની વાત તો એ છે કે આગામી દિવસોમાં લોકો સ્વયંભૂ પોતાનો કર ભરે જેથી આંકડા પગલા લેવામાંથી તેઓ બચી શકે તે વાત ઉપર હાલ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવવું જોઈએ. વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં બાકી મિલકત વેરા-વસુલાત સામે વોર્ડ નં-૧માં કુલ-૯,વોર્ડ નં-૨માં કુલ-૧૧,વોર્ડ નં-૩માં કુલ-૩૮, વોર્ડ નં-૫માં કુલ-૨, વોર્ડ નં-૬માં કુલ-૫, વોર્ડ નં-૭માં કુલ-૧૩૪, વોર્ડ નં-૮માં કુલ-૪,વોર્ડ નં-૯માં કુલ-૭, વોર્ડ નં-૧૦માં કુલ-૧૮, વોર્ડ નં-૧૧માં કુલ-૮, વોર્ડ નં-૧૨માં કુલ-૮, વોર્ડ નં-૧૩માં કુલ-૯, વોર્ડ નં-૧૪માં કુલ-૬, વોર્ડ નં-૧૭માં કુલ-૬ અને વોર્ડ નં-૧૮માં કુલ-૨ મિલકતોને સીલ કરવામાં આવેલ છે, આમ, તા.૦૯-૦૪-૨૦૨૫ થી તા.૨૪ ડિસેમ્બર સુધીમાં કુલ ૨૬૭ મિલકતોને સીલ કરવામાં આવેલ છે.

આ કામગીરી મ્યુનિસિપલ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા સેન્ટ્રીલ ઝોનના આસી.કમિશ્નર કે.ડી. વાઢેર તથા વેસ્ટ્ ઝોનના આસી. કમિશ્નર દીપેન ડોડીયા તથા વેસ્ટટ ઝોનના આસી. કમિશ્નર એચ.પી. રૂપારેલીયા તથા સેન્ટ્રઝલ ઝોન મેનેજર વત્સયલ પટેલ, ભાવેશ પુરોહિત, વેસ્ટન ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, હાર્દિકસિંહ જાડેજા ઈસ્ટો ઝોન મેનેજર ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ ટેક્ષ ઇન્સ્પેિક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવે છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# LLBના પરિણામને લઈ NSUIના ધરણા

## ૨૦૧૯ના વિદ્યાર્થીઓને વિશેષ પરીક્ષાની તક આપવા કુલપતિની માંગ



રાજકોટ , તા. ૨૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અગાઉ પણ અનેકવિધ વિવાદોમાં ઘેરાયેલી છે ત્યારે વિદ્યાર્થી સંગઠનો દ્વારા અવારનવાર યુનિવર્સિટી સત્તાધીશોને દંડોળવામાં આવી રહ્યા છે. છતાં પણ સ્થિતિ જે છે તે જ જોવા મળે છે વર્ષ ૨૦૧૯ ના વિદ્યાર્થીઓને વિશેષ પરીક્ષાની તક આપવા માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી તેમાં પણ એલએલબીના પડતર પરિણામો ત્વરિત જાહેર કરવામાં આવે તે માટે કુલપતિને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું ભ્રષ્ટ અને નિષ્ક્રિય તંત્ર વિદ્યાર્થી ઓના કારકિર્દી માટે જોખમ ઊભું કરી રહ્યું છે. તેવું NSUIના આગેવાનોએ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને અસ્પષ્ટ નીતિઓને કારણે વિદ્યાર્થીઓ અત્યારે ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯ના વિદ્યાર્થી ઓને વિશેષ પરીક્ષાની તક આપવા તથા એલએલબીના પડતર પરિણામો ત્વરિત જાહેર કરવા માટે NSUIએ કુલપતિને આવેદન પાઠવ્યું હતું. આવેદનમાં જણાવાયુ હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હજારો વિદ્યાર્થી ઓના ભાવિ સાથે જોડાયેલા ગંભીર પ્રશ્નો તરફ દોરવા માંગીએ છીએ. યુનિવર્સિટીના વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને અસ્પષ્ટ નીતિઓને કારણે વિદ્યાર્થીઓ અત્યારે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૯માં ગ્રેજ્યુએશન અથવા માસ્ટર કોર્સમાં એડમિશન લીધેલું છે, તેવા અનેક વિદ્યાર્થીઓ માત્ર ૧ કે ૨ વિષયમાં નાપાસ થવાને કારણે પોતાની ડિગ્રી પૂર્ણ કરી શક્યા નથી. આ એક કે બે વિષય માટે પોતાનું ગ્રેજ્યુએશન અથવા તો માસ્ટર પૂર્ણ ના કરી શક્યા ના હોઈ અને હવે ૫ વર્ષ વીતી ગયા હોવાથી, હવે તેઓ પરીક્ષા ફોર્મ ન ભરી શકે તેવા વિદ્યાર્થીઓને ફરી એકવાર પરીક્ષા આપવાનો મોકો યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે તેવી અમારી રજૂઆત છે.

આ પ્રકારની એક નહીં અનેક રજૂઆતો કરવામાં આવી પરંતુ હજી સુધી કોઈ યોગ્ય જવાબ તંત્ર દ્વારા આપવામાં આવ્યો નથી જે વિદ્યાર્થી ઓના હિત માટે સૌથી મોટું જોખમ છે.ભૂતકાળમાં પણ ૨૦૧૧ થી ૨૦૧૮ ના વિદ્યાર્થીઓને આ વિશેષ તક આપવામાં આવી હતી જેને સંદર્ભે ૨૦૧૯ ના વિદ્યાર્થીઓને પણ તક આપવામાં આવે. યુનિવર્સિટીના સત્તાધીશોની ઘોર બેદરકારીનો ઉત્તમ નમૂનો એ છે કે, ડાલમાં કકઇ સેમેસ્ટર ૪ નો અભ્યાસક્રમ શરૂ થઈ ગયો હોવા છતાં, હજુ સુધી સેમેસ્ટર ૧, ૨ અને ૩ ના પરિણામો જાહેર કરવામાં આવ્યા નથી. પરિણામ વગર આગળના સેમેસ્ટરનો અભ્યાસ કરવો વિદ્યાર્થીઓ માટે માનસિક તણાવ સમાન છે. પરિણામોમાં થઈ રહેલો આ અસહ્ય વિલંબ યુનિવર્સિટીના નબળા વડીવટની સાક્ષી પૂરે છે.જો આગામી ટૂંકા સમયમાં ૨૦૧૯ની બેચના વિદ્યાર્થીઓ માટે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે અને કકઇ ના તમામ પડતર પરિણામો જાહેર કરવામાં નહીં આવે, તો ગુજરાત પ્રદેશ ગજગ્ઈ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં યુનિવર્સિટી ખાતે ગાંધીચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી વહીવટી તંત્રની રહેશે.

# મારવાડી કોલેજ સુધીના દબાણો દૂર

## હાઈવે ઓથોરિટી-સ્થાનિક પ્રશાસન દ્વારા હાથ ધરાયું ઓપરેશન : બચી ગયેલા દબાણો થશે દૂર



રાજકોટ, તા. ૨૪

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને દબાણ મુક્ત બનાવવા માટેનો જે નિર્ધાર કર્યો છે તે દિશામાં હાલ તંત્ર આગળ વધી રહ્યું છે મળતી માહિતી મુજબ હાલ દરેક જિલ્લા કલેકટરોને તથા સ્થાનિક પ્રશાસન એટલે કે મહાનગરપાલિકા હોય કે શહેરી વિકાસ સત્તા મંડળ હોય તે તમામને સુચિત અને આદેશ કરવામાં આવ્યો છે કે તેમના હદ વિસ્તારમાં આવતા જે પણ દબાણ હોય તેને તાકીદે દૂર કરવામાં આવે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ શહેરમાં ખાસ આ પ્રકારની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા પણ ડિમોલિશન કરી રહ્યું છે તો સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને ડિમોલિશન હાથ ધરાઈ રહ્યા છે.

ત્યારે રાજકોટ ખાતે વાઇબ્રન્ટ કોન્ફરન્સ યોજવામાં આવી રહી છે ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી થી મારવાડી સુધી જે જગ્યા પર દબાણો હોય તેને દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે હાલ તંત્ર માટે મહત્વનું એજ છે કે રાજકોટ દબાણમુક્ત બને . હાલ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે રેવન્યુ અને મનપા દ્વારા સંયુક્ત રીતે ડિમોલિસન કરવામાં આવી રહ્યું છે.

સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છ વાઈબ્રન્ટ સમીટ ૨૦૨૬ આગામી તા.૧૦થી૧૨ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મારવાડી કોલેજ ખાતે આયોજીત કરવામાં આવી હોય. રાજય સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ વાઈબ્રન્ટ સમીટ પુર્વે હિરાસર એરપોર્ટથી મારવાડી કોલેજ સુધીના રોડ આસપાસના દબાણો હટાવવા માટે હાઈવે ઓથોરિટી અને મહેસુલ વિભાગ દ્વારા સંયુક્ત રીતે બે દિવસથી ઓપરેશન ડીમોલીશન શરૂ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં હિરાસર એરપોર્ટથી મારવાડી કોલેજ સુધીના રોડની ફુટપાથ પરથી દુકાનોના છાપરા-ખોરવા સહિતના ૨૦૦ જેટલા દબાણો તોડી પાડવામાં આવેલ છે.

તેમજ આગામી અઠવાડિયામાં એક હજારથી વધુ દબાણોનો બુલડોઝરથી કડક ભુલ કરવામાં આવનાર છે. આ માટે મેગા ઓપરેશન આરંભી દેવામાં આવેલ છે. કલેકટરતંત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ દિવસથી આ દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમીટમાં આવતા વડાપ્રધાન મોદી અને તેમના કાફલાને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે આ રોડની ફુટપાથ પરના દબાણો હટાવવા માટે ખાસ આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ દબાણહટાવ ઝુંબેશની કામગીરી દરમ્યાન રોડની ફુટપાથ પર અનઅધિકૃત રીતે ખડકાયેલા હોટલો-દુકાનોના ઓટલા-છાપરાઓ-કેબીનો-નાની ડેરીઓ સહિતના દબાણો અને બાંધકામો દુર કરવામાં આવશે. નેશનલ હાઈવેની ટીમ તેમજ જીલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશની ટીમ ઉપરાંત સર્કલ ઓફીસર તેજ બાણુગરીયા, વઘાસીયાભાઈ ઝાલા સહિતનો કાફલો આ કામગીરીમાં જોડાયો છે. આ દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન ૧૦૦૦ જેટલા દબાણો તોડી પાડવામાં આવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પોલીસ પણ અસુરક્ષિત!

## બેફામ ગુંડાગીરીથી પોલીસ પરિવારો પણ ત્રાહીમામ



ગુજરાતના વહીવટી તંત્રમાં મોટી ઉથલપાથલ થઇ છે. સિનિયર આઇએએસ ૨૬ અધિકારીઓની કામગીરીમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. આક્રમક ગણાતા સંજીવ કુમારને મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી બનાવીને તેમને ગૃહ વિભાગનો હવાલો અપાયો છે.

ઉપલા લેવલે આક્રમક, જાંબાજ, ખુંખાર વગેરે વિશેષણોથી અધિકારીઓની નિમણૂકો થાય છે, પણ નીચલા લેવલે તેની કોઇ અસર જોવા મળતી નથી. ગુજરાતમાં બેફામ બનેલી ગુન્હાખોરીને ડામવામાં તંત્રના ટાટિયા ટૂંકા પડે છે. ફાટીને ધુમાડે ગયેલા ગુન્હાખોરોથી સામાન્ય લોકો તો ત્રાહીમામ છે જ, હવે પોલીસ તંત્ર પણ અસુરક્ષિત બની ગયું છે.

સૌરાષ્ટ્રમાં એક કરુણ અને ચિંતાજનક ઘટના બની. ધ્રોલ-પડધરી વચ્ચે ટ્રેનમાં પરોઢિયે ૭૭ વર્ષના નિવૃત્ત એએસઆઇ પર જીવલેણ હુમલો થયો અને લૂંટ ચલાવાઇ. આ વડીલની રિવોલ્વોલ પણ ગુંડાઓ લૂંટી ગયા અને લોહીલુહાણ હાલત કરી નાખી.

નિવૃત્ત પોલીસ અને હથિયાર હોવા છતાં ગુંડાઓએ ગુન્હાખોરીનું તાંડવ કર્યું. આ બાબત દર્શાવે છે કે, હવે અસામાજિકોને પોલીસનો કે હથિયારનો પણ ડર રહ્યો નથી. પોલીસ તંત્ર પોતાના પરિવારોની રક્ષા કરી શકતા નથી તો વિચાર તો કરો કે સામાન્ય માણસની દશા કેવી થતી હશે?

સ્થિતિ અતિ ગંભીર બની છે. ગામે-ગામ અસામાજિકોના તાંડવ બેફામ થયા છે. વધારે ઉહાપોહ થાય તો સુરત કે અમદાવાદમાં થોડા ઓપરેશનો કરવામાં આવે છે. પરંતુ, ગુજરાતના ગામે-ગામ ચાલતા તાંડવ પર નજર પણ કરાતી નથી.

ગુજરાતના ગિફ્ટ સિટીમાં દારૂબંધી હળવી થયાના સમાચારો આવે છે, પરંતુ સમગ્ર ગુજરાતમાં વગર પરમીટે દેશી-વિદેશીના ધોધના ધોધ ગટગટાવાઇ રહ્યા છે, આ ગિફ્ટ કોના આશીર્વાદથી પ્રાપ્ત થઇ છે? હપ્તાની લાલચે પોલીસ તંત્ર જ અસામાજિકોને છાવરે છે એ બાબતમાં કંઇ સિક્રેટ રહ્યું નથી. છાવરેલા ગુંડાઓ હવે પોલીસ પરિવારને જ ભારે પડવા લાગ્યા છે. રાજકોટમાં પોલીસ તંત્રએ માર ખાધાના કિસ્સા વધી રહ્યા છે. તાજેતરમાં પોલીસ સ્ટેશનમાં જ અસામાજિકોએ તાંડવ કર્યું હતું.

આ બધી ઘટનાઓ શરમજનક છે. ઉપલા લેવલે ગોઠવાઇ ગયેલા ઝાંબાઝ, આક્રમક, ખુંખાર અધિકારીઓના કપડાં ઉતારવા જેવી ઘટનાઓ રાજકોટ-સૌરાષ્ટ્રમાં દરરોજ બનવા લાગી છે. કાયદો-વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડી રહ્યા છે.

લોકોની સહનશક્તિની હદ આવે તે પૂર્વે શેહશરમ મૂકીને નાના-મોટા ગુંડાઓને ઝેર કરવા જરૂરી છે. બેજવાબદાર તંત્રના કારણે શાસકોને રાજકીય નુકસાન થઇ શકે છે. તંત્ર સામે રાજનીતિએ આક્રમક બનવું પડશે.

# વ્યવસાયોને નુકસાન પહોંચાડતી સરકારની નીતિ

## રાહુલ ગાંધીએ સરકાર પર વેપારનો નાશ કરવાનો લગાવ્યો આરોપ : વેપારીઓને સંપૂર્ણ ટેકો કોંગ્રેસે જાહેર કર્યો

નવીદિલ્હી, તા. ૨૪

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ સરકાર પર વેપારનો નાશ કરવાનો અને નાના વ્યવસાયોને નુકસાન પહોંચાડતી નીતિઓ લાગુ કરવાનો આરોપ લગાવ્યો છે. બુધવારે વૈશ્ય (વેપારી) સમુદાય સાથે વાત કરતા તેમણે કહ્યું કે ભાજપ સરકાર દેશ પર સામંતશાહી લાદી રહી છે. તેમણે વૈશ્ય સમુદાયને પોતાનો સંપૂર્ણ ટેકો આપવાનું વચન આપ્યું, તેને ભાજપની સામંતશાહી માનસિકતા સામેની લડાઈ ગણાવી. તેમણે સમુદાયની મુશ્કેલીઓ પર ચિંતા વ્યક્ત કરી અને અર્થતંત્ર પર સરકારી પગલાંની નકારાત્મક અસર સામે ચેતવણી આપી. બેઠક પછી, રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, ‘‘આપણો વેપાર પતનની આરે છે - વ્યાપાર સંવાદમાં વૈશ્ય સમુદાયના આ વ્યથિત રુદનથી ખરેખર આપણને હચમચી ગયા છે. જે સમુદાયે ઐતિહાસિક રીતે દેશના અર્થતંત્રમાં આટલું મોટું યોગદાન આપ્યું છે તે જ સમુદાય હવે નિરાશામાં છે. આ એક ચેતવણી છે. સરકારે એકાધિકારીઓને છૂટ આપી છે અને નાના અને મધ્યમ કદના વ્યવસાયોને નોકરશાહી અને GST જેવી ખરાબ નીતિઓથી બાંધી દીધા છે.

રાહુલ ગાંધીએ ભાજપ પર એકાધિકારીઓને પ્રોત્સાહન આપવા અને નાના વ્યવસાયોને નોકરશાહી અને GST જેવી ખરાબ નીતિઓનો બોજ પાડવાનો આરોપ લગાવ્યો. તેમણે પોસ્ટમાં લખ્યું, ‘‘આ ફક્ત નીતિગત નિષ્ફળતા નથી; તે ઉત્પાદન, રોજગાર અને



ભારતના ભવિષ્ય પર સીધો હુમલો છે. આ ભાજપ સરકારની સામંતવાદી માનસિકતા સામેની લડાઈ છે, અને આ લડાઈમાં, હું દેશના વેપારની કરોડરજ્જુ એવા વૈશ્ય સમુદાય સાથે મજબૂત રીતે ઉભો છું.’’ દરમિયાન, રાહુલ ગાંધીએ અગાઉ શાસક ભાજપ સરકાર પર સંસદમાં વિજ્ઞાન ભારત-રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) બિલ, ૨૦૨૫ (VB-G RAM-G બિલ) પર ચર્ચા ન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ બિલ વિકાસ માટે નથી પરંતુ વિનાશ માટે છે, અને ભારતીયો તેમની આજીવિકા ગુમાવીને તેના પરિણામો ભોગવશે. રાહુલ ગાંધીએ ભાજપ પર નાના વ્યવસાયોને નુકસાન પહોંચાડવાનો અને એકાધિકારને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે ખામીયુક્ત GST જેવી સરકારી નીતિઓ સામંતવાદી માનસિકતા લાદી રહી છે.

# મતદાર સુધારણામાં ગુજરાતમાં ૩.૮૧ લાખ ડબલ મતદારો

## વિરોધ વચ્ચે, ચૂંટણી પંચે અનેક રાજ્યોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પૂર્ણ કરી

નવીદિલ્હી, તા. ૨૪

વિપક્ષના વિરોધ વચ્ચે, ચૂંટણી પંચે અનેક રાજ્યોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા પૂર્ણ કરી છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રક્રિયા પૂર્ણ થવાથી મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવામાં આવેલા લોકોની સંખ્યા બહાર આવી છે. તમિલનાડુમાં સૌથી વધુ ૯.૭ મિલિયન મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જોકે, એવું માનવામાં આવે છે કે ઉત્તર પ્રદેશ આ આંકડાને વટાવી જશે. હાલમાં ઉત્તર પ્રદેશમાં SIR પ્રક્રિયા ચાલી રહી છે, અને આંકડા ૩૧ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશમાં ૪૦ મિલિયન મતદારો ગુમ છે. મંગળવારે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, તમિલનાડુમાં ૯.૭ મિલિયન, બંગાળમાં ૫.૮ મિલિયન, કેરળમાં ૨.૨ મિલિયન, મધ્યપ્રદેશમાં ૪.૨ મિલિયન અને છત્તીસગઢમાં ૨.૭ મિલિયન મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ડેટા પર નજર કરીએ તો, ગુજરાતમાં બંગાળ કરતાં વધુ ડબલ મતદારો મળ્યા છે. જ્યારે ગુજરાતમાં ૩.૮૧ લાખ ડબલ મતદારો મળ્યા છે, ત્યારે બંગાળમાં ૧૩૮,૦૦૦ ડબલ મતદારો મળ્યા છે.

૨૦૨૫માં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) સૌથી મોટા રાજકીય મુદ્દા તરીકે ઉભરી આવ્યું. જૂન ૨૦૨૫માં, ભારતના ચૂંટણી પંચે મતદાર યાદીમાં સુધારો કરવા માટે SIR પ્રક્રિયા શરૂ કરી. SIRનો પહેલો તબક્કો બિહાર વિધાનસભા



ચૂંટણી પહેલા શરૂ થયો હતો. બિહારમાં, બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ઘરે ઘરે જઈને મતદારોની ચકાસણી કરતા હતા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી હતી. મતદાર યાદીમાંથી આશરે ૬.૫ મિલિયન નામો રૂર કરવામાં આવ્યા હતા.

SIR દરમિયાન, ફક્ત તમિલનાડુમાં જ ૯.૭ મિલિયન નામો મતદાર યાદીમાંથી રૂર કરવામાં આવ્યા હતા - એવી વસ્તી જે વિશ્વના ઘણા દેશોમાં નથી. SIRના બીજા તબક્કામાં, ૬૫ મિલિયન લોકોના મતો રૂર કરવામાં આવી રહ્યા છે, અને વધારાના ૬૦ મિલિયન નાગરિકોનું ભાવિ અટવાઈ ગયું છે. દુઃખની વાત છે કે, દેશના મોટાભાગના મીડિયા આને લોકશાહીના સંકટ તરીકે નહીં, પણ ક્રિકેટ સ્કોર તરીકે ગણી રહ્યા છે.

### અન્યા સુધીમાં કયા રાજ્યમાં કેટલા મતદારો રૂર કરવામાં આવ્યા છે?

| | |
|---|---|
| કેરળ ૨૨ લાખ | તમિલનાડુ ૯૭ લાખ |
| મધ્યપ્રદેશ ૪૨ લાખ | અંદામાન ૨ હજાર |
| છત્તીસગઢ ૨૭ લાખ | બિહાર ૪૭ મિલિયન |
| ગુજરાત ૭૩ લાખ | ગોવા ૧ લાખ |
| બંગાળ ૫૮ લાખ | પુડુચેરી ૮૪ હજાર |

# BMC ચૂંટણી પૂર્વે ઠાકરે ભાઈઓ એક

## બીએમસી સાથે અન્ય મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે ગઠબંધનન નક્કી

નવીદિલ્હી, તા. ૨૪

મહારાષ્ટ્રના ઠાકરે ભાઈઓ, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે બીએમસી અને અન્ય મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે ગઠબંધનનો સોદો નક્કી થઈ ગયો છે. ૨૦ વર્ષ પછી, ઠાકરે ભાઈઓ સાથે મળીને ચૂંટણી લડશે. બુધવારે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ સંયુક્ત પત્રકાર પરિષદમાં ભાજપ પર નિશાન સાધતા તેમના ગઠબંધનની જાહેરાત કરી. બે દાયકા પછી, મહારાષ્ટ્રમાં ઠાકરે ભાઈઓ એક થયા છે, કારણ કે ઠાકરે પરિવારના છેલ્લા ગઢ, બીએમસીને બચાવવાનો પડકાર ઉભો થયો છે. બંને ભાઈઓએ પોતાની બધી ફરિયાદો બાજુ પર મૂકીને ફરી એક સાથે આવ્યા છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે તેમની વિચારસરણી સમાન છે. તેઓ મરાઠાઓના સંઘર્ષ અને બલિદાનને યાદ કરે છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, ‘‘આજે, બંને ભાઈઓ સાથે છે. અમે એક રહેવા માટે સાથે આવ્યા છીએ.’’ તેમણે ઉમેર્યું કે દિલ્હીના લોકો અમને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વખતે, અમે વિભાજીત નહીં થઈએ. જોકે, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે રાજકીય જોડાણ તૂટી જવું એ મહારાષ્ટ્રના રાજકારણમાં સૌથી મોટા વિકાસમાંનો એક હતો. હવે, બંને ભાઈઓ સાથે આવવાથી, તેઓ ફરી એકવાર રાજકીય હેડલાઈન્સમાં છે. ઠાકરે બંધુઓની ૨૦ વર્ષની મિત્રતા અને દુશ્મનાવટનો સમયરેખા અહીં છે.

ભત્રીજા રાજ ઠાકરે અને પુત્ર ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેના નેતૃત્વમાં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. એક સમયે, રાજ ઠાકરેને બાળાસાહેબના રાજકીય ઉત્તરાધિકારી માનવામાં આવતા હતા. રાજ ઠાકરેની બોલવાની શૈલી અને રીતભાત બાળાસાહેબના અનુગામી સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતી હતી. આનાથી લોકો માનતા હતા કે રાજ ઠાકરે શિવસેના સંભાળશે, પરંતુ બાળા



ઠાકરેએ તેમના પુત્ર ઉદ્ધવને તેમના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા. રાજ ઠાકરે બાળપણથી જ બાળા ઠાકરે સાથે રહેતા હતા. બાળા ઠાકરેએ રાજ ઠાકરેને યુવા સેનાની જવાબદારી સોંપી હતી. તે સમયે ઉદ્ધવને રાજકારણમાં રસ નહોતો. તેઓ ફોટોગ્રાફર તરીકે શોખીન હતા.

૧૯૯૦ ના દાયકામાં, બાળા ઠાકરે અચાનક ઉદ્ધવ ઠાકરેને સક્રિય રાજકારણમાં લાવ્યા. ઉદ્ધવે ધીમે ધીમે રાજકારણના દોર શીખવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તેમણે શિવસેનાના મુખપત્ર, સામનામાં રસ લીધો, ત્યારબાદ શિવસેનામાં રાજ ઠાકરેનો રાજકીય પ્રભાવ ઓછો થવા લાગ્યો.

૧૯૯૦ ના દાયકાના અંતમાં, ઉદ્ધવ ઠાકરેએ ધીમે ધીમે પાર્ટીના સંગઠનાત્મક કાર્યમાં પ્રભાવ મેળવવાનું શરૂ કર્યું, જેના કારણે રાજ ઠાકરે અને તેમના સમર્થકોમાં અસુરક્ષાની ભાવના પેદા થઈ. ૨૦૦૨ માં, બાલ ઠાકરેએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે પ્રચારની જવાબદારી રાજ ઠાકરેને બદલે ઉદ્ધવ ઠાકરેને સોંપી. શિવસેનાના પ્રચંડ વિજય બાદ, બાલ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને પ્રમોટ કરવાનો નિર્ણય લીધો, જેના કારણે રાજ ઠાકરેના રાજકીય સંબંધો બગડ્યા. ૨૦૦૪ ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શિવસેનાને કારમી હારનો સામનો કરવો પડ્યો. રાજ ઠાકરેના સમર્થકોએ હાર માટે ઉદ્ધવ ઠાકરેને જવાબદાર ઠેરવ્યા, તેમના નેતૃત્વ પર પ્રશ્નો ઉભા કર્યા. રાજ ઠાકરેએ આરોપ લગાવ્યો કે ઠાકરેના નજીકના નેતાઓ તેમને પાર્ટી ચલાવવાથી રોકી રહ્યા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પ્રેમના અનુબંધને વધુ ને વધુ મજબૂત બનાવવો એ જ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૫ ડીસેમ્બર એટલે કે નાતાલનો તહેવાર છે! આમ તો પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ તહેવારની ઉજવણી થવી જોઈએ, પરંતુ આપણે આજે આધુનિકતાને નામે કઈ કેટલુ એ એમનું અપનાવ્યું છે! અને એ રીતે ભારતભરમાં નાતાલ અને ન્યુ યર પાર્ટી યોજાશે! સોશિયલ મીડિયા પર એને લઈને ઢગલો એક મેસેજ આવે છે, અને એમાં પણ આ સંસ્કૃતિ આપણી નથી માટે આમ કરતાં નહીં! તેમ કરતા નહીં ! તમારા બાળકોને સાચાં સંસ્કાર આપજો, ફોજીના કપડા પહેરાવજો, વગેરે વગેરે મેસેજના ઢગલા થાય છે. પરંતુ લોકોની માનસિકતાને આજે એ રીતે કળવી મુશ્કેલ છે! આજકાલ લોકોને પ્રભાવિત કરવા વક્તાઓ ગમે તે બોલતા હોય છે, અને ક્યારેક ક્યારેક તો ભાષાનું મહત્વ પણ જળવાતું નથી. સમાજમાં મોટેભાગે ડબલ સ્ટાન્ડર્ડ ધરાવતા લોકોનો સમૂહ વધતો જાય છે, અને એવાં કહેવાતા સેલીબ્રીટીના ફોલોવર્સ પણ કંઈ જાણ્યા કારવ્યા વગર વધતાં જાય છે! એની કહેલી ખોટી વાતને અનુસરતા જાય છે, ખેર છોડો! આજે આપણે ચરિત્રની ઓળખમા ભગવાન ઈસુના જન્મનો દિવસ એટલે કે શું કામ નાતાલનો તહેવાર ઉજવવામાં આવે છે? એને વિષે વાત કરીશું! અને એમાં પણ પ્રેમ દેવતા તરીકે સંસ્કૃતિ જેને સ્વીકારે છે, એવા ભગવાન ઈસુની વાત છે, કે જે દયા કરુણા પ્રેમ અને ક્ષમા જેવા વિરલ વ્યક્તિત્વના દાતા હતાં. તો આ ૨ સદીના યુગ પુરુષને વંદન કરવા જોઈએ. પૂજ્ય બાપુ કહે છે તેમ સત્ય અને શુભ જ્યાંથી મળે, ત્યાંથી સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.

કહેવાય છે કે ઇસુનો જન્મ ઇ. સ. પુર્વે ૨ સદીમાં ઇઝરાયેલનાં નાઝરેથ પ્રાંતના બેથલેહેમ ગામમાં થયો હતો. તેમની માતાનુ નામ મરીયમ હતું, અને તેમનુ લગ્ન યુસુફ સાથે થયુ હતું. આમ તો ઈસાઈ ધર્મના લોકો એ પણ તેને સીધી રીતે સ્વીકાર્યા નહોતાં, અને આ મહાપુરુષના જન્મથી મરણ સુધીની યાત્રા પણ તકલીફ ભરેલી રહી છે. ભગવાન ઈસુને પણ જે તે સમયના લોકોએ સ્તંભ પર લટકાડી અને હાથે ખીલા માર્યા હતા.ઈસાઈ ધર્મમાં પણ સંપ્રદાય જોવા મળે છે, જેમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ એ બે મુખ્ય સંપ્રદાય છે, જેમનાં ગીરજા ઘર એટલે કે ચર્ચ પણ જુદા હોય છે. ઈસાઈ ધર્મનો બાઇબલ મુખ્ય ગ્રંથ છે, ધર્મના વડા ને પાદરી કહેવામાં આવે છે, અને ભગવાન ઈસુને ક્રોસ જેવા સ્તંભ પર લટકાડવામાં આવ્યા હોવાથી, ઈસાઈ ધર્મના ચિન્હ તરીકે ક્રોસને પણ અપનાવવામાં આવ્યું છે, પરંતુ બાઇબલમાં ક્યાંય પણ ઇસુના જન્મ ક્યારે એ વિશેની વાત કે તેનો ઉલ્લેખ છે નહીં! એટલે આ એક વિચારવા જેવી વાત છે કે આજના આધુનિક કહેવાતાં લોકો જેને અનુસરી રહ્યા છે, એના અસ્તિત્વ વિશે પણ સવાલ છે! જ્યારે આપણે તો રામ અને કૃષ્ણના વંશજ કે જેના જીવન ચરિત્ર પર આખે આખાં ગ્રથ છે! ઈસાઈ ધર્મમાં જે તે વ્યક્તિ ગિરજા ઘરમાં જઈને પોતાના કર્મનું કન્ફેશન એટલે કે આત્મનિવેદન પાદરી પાસે કરે છે, અને આ પાદરી પોતે ધર્મના વડા તરીકે પડદાની અંદર રહી આ વાત સાંભળે છે, પણ એ વાતને કોઈ ને જણાવતો નથી. આપણા ધર્મમાં પણ ભક્તિમાં આત્મનિવેદન ને છેલ્લી ભક્તિ કહેવામાં આવી છે. શરણાગતિ સ્વીકાર્યા બાદ સાધક પોતે સદગુરુ અથવા ઇશ્વરને પોતાના જીવનના તમામ ભેદ કહી દેતો હોય છે. ભગવાન ઈસુને પણ પ્રેમના મસીહા કહ્યા છે. કહેવાય છે કે તેનાં જન્મની પૂર્વસંધ્યાએ કેટલાક સંતો મધર મેરી પાસે જાય છે, અને તેને જણાવે છે કે પ્રેમના દેવતાનો જન્મ થવાનો છે, એના જન્મ સમયે આકાશમાંથી મધુર ગીત-સંગીત પણ પ્રસ્તુત થયું હતુ જેને ભવિષ્યવાણી થઈ એવું પણ કહેવામાં આવે છે, અને એટલે જ ઈસાઈ ધર્મમાં ૨૪ ડિસેમ્બર ક્રિસમસ ઈવ તરીકે કેરલ ગાનનો પ્રોગ્રામ રાખવામાં આવે છે. સેન્ટાકલોઝ સૌની ઈચ્છા પૂરી કરે છે, એવું દર્શાવવા એ ભેટ દેતા હોય એવું દર્શાવવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં પણ ફરિશ્તા એટલે કે દેવ પુરુષનું ખૂબ જ મહત્વ રહેલું છે, અને મોટેભાગે માતા પોતાના બાળકને સુવડાવતી વખતે જે હાલરડુ કે લોરી ગાય છે, તેમાં આનો ઉલ્લેખ થતો જોવા મળે છે.

આમ તો પૃથ્વી પર પ્રચલિત બધા જ ધર્મોનાં પાયામાં મુખ્યત્વે સત્ય પ્રેમ અને કરુણા એટલે કે માનવતા જ રહેલા છે, અને કોઈ પણ ધર્મ માનવને અંદર અંદર લડાઈ ઝઘડા કે વેર રાખવાનું શીખવતા નથી. હિન્દુસ્તાનમાં મૂળ હિંદુ ધર્મ જ હતો, અને જૈન, શિખ, બૌદ્ધ ધર્મ ક્યાંક થોડેઘણે અંશે હતાં, મુસ્લિમ પ્રજા હોવાથી ઈસ્લામ ધર્મ પણ હતો. ભારતમાં અંગ્રેજ શાસન પછી ઈસાઈ ધર્મનો વ્યાપ વધતો જોવા મળ્યો એવું બિલકુલ નથી, પણ આપણાં યુવાનો હવે વિલાયત વસવાટ કરવા લાગ્યાં એટલે, તેમજ ભારતીય પ્રજાની ગરીબી જોઈને અમુક સમય પહેલા ધર્માંતરની પ્રવૃતિ એ બહુ વેગ પકડ્યો હતો, અને એ રીતે પછાત વર્ગનાં ઘણાં લોકો એ ઈસાઈ ધર્મ અંગીકાર કર્યો છે. હવે તો ઈંગ્લીશ કેલેન્ડર અપનાવ્યું હોવાથી, એ રીતે પણ લોકો નવું વર્ષ ઉજવતા થયાં છે.

ફરિશ્તા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો દેવ પુરુષ એવો થાય, કે જે આવી અને આપણી સમસ્યા રૂર કરી જાય! આપણા સૌના જીવનમાં આ ઘટના ઘટી હોય છે, કે જ્યારે આપણે અત્યંત મુશ્કેલીમાં હોઈએ, ત્યારે કોઈ આપણી સમસ્યા રૂર કરી જતું હોય છે, અને આપણા મોઢામાંથી શબ્દ નીકળે છે, કે ફરિશ્તા બનીને તે આવ્યાં, અને અમારું કામ કરી ગયા. એટલે જે તેની મૂળ પરિકલ્પના છે કે, આકાશમાંથી કોઈ ઉતરીને આવે અને આપણું દુઃખ દર્દ રૂર કરે એવું થતું નથી, પણ આપણામાંથી જ કોઈ ફરિશ્તા બની શકે છે.પણ મુખ્ય વાત જે અભાવમાં જીવનારા હોય છે, તેમના બાળકોને તેની માતા લોરી સ્વરૂપે બાળકની આંખમાં એક વાત મુકે છે કે, તારા દુઃખદર્દ પણ ફરિશ્તો આવીને રૂર કરશે, અને આપણી જીંદગીમાં પણ સુખ ચેનના દિવસો આવશે. પરંતુ મારી રીતે તો બાળક માટે ફરિશ્તા બનીને માતા-પિતા જ આવતા હોય છે. જીવનમાં અભાવનો પણ એક આનંદ હોય છે, એ વાક્ય પુજ્ય બાપુ પોતાના અભાવના દિવસો યાદ કરી કથામાં બાપું કહેતા હોય છે, અને એ વાત ખરેખર સાચી લાગે છે. કારણ કે વસ્તુ આનંદ આપતી નથી, વ્યક્તિ જ આનંદ આપી શકે છે. જોકે હવે તો સીંગલ ચાઈલ્ડ મેન્ટાલીટી! જેને કારણે સવર્ણની સંખ્યા ઘટતી જ જાય છે.

આમ પણ બાળકને પ્રેમ નામની સંજીવનીનો પ્રથમ પરિચય તેના માતા-પિતા દ્વારા જ થતો હોય છે. ધર્મ ગમે તે હોય અને માતા-પિતા પણ ગમે તે ધર્મને માનતા હોય, પણ પોતાના સંતાનથી વધુ તેની માટે કોઈ જ વસ્તુ હોતી નથી, એ સત્ય આપણે સૌ જાણીએ છીએ. તો પ્રેમના એ મસીહા એ પોતાનું આખું જીવન પોતાના બાળક માટે વિતાવ્યું હોય, તેને કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ પોતાની હૂંફ, લાગણી, અને જે તે વસ્તુ પદાર્થથી તેને તેની સમસ્યા હલ કરી હોય છે. તો માતા પિતાથી મોટો કયો ફરિશ્તો હોઈ શકે? અને આપણી સંસ્કૃતિમાં પરમ કૃપાળુ પરમાત્માનો મુખ્ય સ્વભાવ પ્રેમ છે, તો અરસપરસ પ્રેમના અનુબંધને વધુ મજબૂત બનાવવો એ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે. હવે કોઈ ઈસુને વધસ્તંભ એ ચડવું પડે નહીં એવું કરીએ, સમાજના જે તે વ્યક્તિ સારું કાર્ય કરતા હોય તેને દિલથી પ્રશંસા કરીએ, તેની નિંદા કરવાનું બંધ કરીએ, અને તેને માન-સન્માન આપીએ, તેના કર્મને પણ પ્રેરણા બનાવી સૌ પોતાના જીવનમાં ઉતારી, જેટલું થાય તેટલું માનવતાના ધર્મનો નિભાવવા કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઇશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### જ્યાં ત્યાં નડે મને આમતેમ, આવુ થતું કેમ? ટ્રાફિક જામ!

# રાજકોટમાં ઠેકઠેકાણે ટ્રાફિકજામથી પ્રજા ત્રસ્ત

## મુખ્ય રસ્તાઓ ઉપર જ વાહનોની લાંબી કતારોઃ ટ્રાફિક સમસ્યાનું નિવારણ કરવાનું કેમ પોલીસને સુઝતું નથીઃ રૂબરૂ અને ઓનલાઇન દંડ ઉઘરાવવામાં પાવરધી પોલીસને વાહનચાલકોની મુશીબતની કંઇ પડી ન હોય તેવા ઠેકઠેકાણે સર્જાય છે માહોલ

રાજકોટ, તા. ૨૪
રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં સમયની સાથે હદ વસ્તી વિસ્તાર વધ્યા છે. પરંતુ વાહનચાલકોને નડતી સમસ્યાનો ઉકેલ લાવવાના રસ્તાઓમાં વધારો થયો નથી. બીજી રીતે કહીએ તો રોજેરોજ શહેરના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકજામ થઇ જવાની સમસ્યા એટલી હદે વકરી ગઇ છે કે તેનો કાયમી નિવેડો ન આવતાં વાહનચાલકોના હાલબેહાલ થઇ જાય છે. પોલીસ અને મનપાના કેમેરાઓમાં રોજબરોજની આ ટ્રાફિકજામની પળોજણ ચોક્કસપેણે દેખાતી જ હશે પરંતુ આ સમસ્યાથી નગરજનોને, વાહનચાલકોને કેમ બહાર કાઢવા તે કોઇને સુઝતું કેમ નથી? તેવો સો મણનો સવાલ નગરજનો કરી રહ્યા છે.





વિગતો પર નજર કરીએ તો શહેરમાં છાસવારે ટ્રાફિક જામ થઇ જાય છે. સવારથી બપોર સુધી શહેરના લગભગ તમામ મુખ્ય માર્ગો ઉપર કિલોમીટરોનો ટ્રાફિક જામ સર્જાતા પ્રજાના હાલ બેહાલ બની ગયા હતા. અકિલા ચોક-જિલ્લા પંચાયત ચોકથી ફુલછાબ ચોક, લીમડા ચોક, માલવીયા ચોક, ત્રિકોણબાગથી મ્યુનિસિપલ કોર્પોરેશનથી ઢેબર રોડ ઉપરના રસ્તાઓ પર વાહનોની કતારો જામી ગઇ હતી. આ સમસ્યા પાછળ ઘણીવાર તો ટ્રાફિક સિગ્નલો પણ જવાબદાર હોવાનું નજરે ચડી આવતું હોય છે. જો સિગ્નલો બંધ હોય તો ટ્રાફિકજામ થતો હોતો નથી, પણ સિગ્નલોની લાલ-લીલી લાઇટો ચાલુ હોય તો જે તે ચૌરાહા પર બેફામ ટ્રાફિક જામ થઇ જાય છે. આવા અનેક ચાર રસ્તા શહેરમાં છે જેમાં હનુમાન મઢી, રૈયા ચોકડી, કેકેવી ચોક પાસેના રસ્તા, નાના મવા સર્કલ પાસેના રસ્તાઓ સમાવી શકાય.

છેલ્લા કેટલાક દિવસોથી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સંભવિત મુલાકાતને લઇને સરકારી તંત્ર રાજકોટને સ્વચ્છ અને સુઘડ દેખાડવા ઓચીંતુ જાગ્યુ છે. જેને લઇને મોટાભાગના મુખ્ય રસ્તાઓ ઉપર ડામર રી-કાર્પેટીંગના કામો એકીસાથે હાથ ધરાયા છે. આ કામો વહેલી સવારે અને રાત્રે-રાત્રે હાથ ધરવાના બદલે દિવસે પણ ધમધમતા હોવાથી લોકોના કામના કલાકો દરમ્યાન માર્ગો અવરોધાતા હોવાથી માર્ગો સાંકળા બનતા ટ્રાફિક નિયમન પડી ભાંગતુ નજરે પડે છે. આમ્રપાલી અંડરબ્રિજમાં પાણી લીકેજની સમસ્યા નિવારવા લાંબા દિવસોથી મથામણ ચાલતી હોવાની દિવસભર આ બ્રિજને જોડતા રૈયા રોડ અને રેસકોર્ષ રિંગરોડના રસ્તાઓ ઉપર સવારે અને સાંજે વાહનોના ખડકલા થઇ જાય છે. જે ભારે મથામણના અંતે ચોખ્ખા થાય છે.

આ જ પ્રકારે ટ્રાફિક જામની સમસ્યા જામનગર રોડ પર દેખાય છે. સાંઢિયાપુલનું નિર્માણ જે દિવાળી પહેલા પૂર્ણ થવાની શકયતા દર્શાવાય હતી તે હજુ સુધી પુરૂ ન થવાના કારણે ભોમેશ્વર મંદિર પાસેથી જામનગર તરફ ડાઇવટ કરાયેલા રૂટ ઉપર મહિનાઓથી રોજની બની ગઇ છે. આ બ્રિજ બંધ થવાના કારણે વાહનોનું ભારણ છેક માધાપર ચોકડીથી રૈયા ચોકડીથી આમ્રપાલી સિનેમા થઇ રેસકોર્ષ રિંગરોડ અને કિશાનપરા સુધી પહોંચે છે. ભોમેશ્વર ડાઇવટ રૂટનો ટ્રાફિક પત્રકાર સોસાયટીથી એરપોર્ટ ફાટક અને જુના એરપોર્ટના રસ્તા સુધી વાહનો કતારોથી ધમધમતો રહે છે. ટ્રાફિક સમસ્યાથી બચી લોકોને પોતાના નોકરી ધંધાના સ્થળે કઇ રીતે પહોંચવુ તે પ્રઁ માથાના દુઃખાવારૂપ બની ગયો છે. આ ઉપરાંત બપોરે અને સાંજે પીકઅવર્સ દરમ્યાન મહિલા કોલેજ અંડરબ્રિજથી કોટેચા ચોકના મુખ્ય માર્ગો ઉપર સર્જાતા ટ્રાફિકજામને નિવારવા શું કરવુ જોઇએ તે મુદે ટ્રાફિક પોલીસ પણ વિચારમાં પડી જતી હોય તેવો માહોલ ખડો થતો રહે છે.

વધુ માહિતી જોઇએ તો કટારીયા ચોકડીએ નિર્માણાધીન બ્રિજના કાર્યના કારણે કોઇપણ સમયે કાલાવાડ રોડ અને ૧૫૦ ફુટ રિંગરોડ ઉપરથી પસાર થવું વાહનચાલકો માટે કપરૂ બની ગયું છે. ટ્રાફિકજામની સ્થિતીમાં ૧૦૮ સહિતની ઇમરજન્સી સેવાઓ પણ અટવાતી અવાર-નવાર નજરે પડે છે. જે લોકો માટે જીવલેણ સાબીત થઇ રહી છે. શહેરની માથાના દુઃખાવારૂપ બનેલી ટ્રાફિક સમસ્યામાંથી નગરજનોને કોણ બહાર લાવશે? એ સવાલ સૌ પુછી રહ્યા છે.

# જંગલેશ્વરમાંથી કિશોરીનું અપહરણ

## અજાણ્યા શખ્સ સામે પિતાની ભક્તિનગર પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા.૨૪
શહેરના જંગલેશ્વર વિસ્તારમાંથી એક સગીરાનુ અપહરણ થઈ જતા સગીરાના પિતાએ ભક્તિ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સગીરાના પિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ભાડાના મકાનમાં રહે છે તેમ જ મૂળ વતન દુલ્હાપુર, જિલ્લો બક્ષર, થાના સીમરે, બિહારના છે. તેમજ છેલ્લા છ મહિનાથી રાજકોટમાં રહેવા આવ્યા છે. અહીં ૮૦ ફૂટ રોડ પર આવેલા એક કારખાનામાં મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. સંતાનમાં તેમને બે દીકરા તેમજ બે દીકરીઓ છે. ગત ૧૬મી ડિસેમ્બરના રોજ રાત્રિના સમયે ફરિયાદી તેમના પત્ની તથા બાળકો એમ બધા ઘરે હાજર હતા ત્યારે તેમની સગીર વયની દીકરી રાત્રિના નવ વાગ્યાની આસપાસ મોબાઇલ ફોનમાં રિચાર્જ કરાવવા જાઉં છું તેવું કહીને ઘરેથી નીકળી હતી. એક કલાક બાદ પણ દીકરી ઘરે નહીં આવતા, તેમની પાસેના મોબાઈલમાં કોલ કરવામાં આવતા મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. એટલે ચિંતા સાથે વાલીઓએ શોધખોળ કરી હતી પરંતુ તેમનો ક્યાંય પતો લાગ્યો ન હતો. પરિણામે તેમની પુત્રીનું કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી ગયો હોવાને શંકા સાથે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે ગુમ થયેલી કિશોરી અને અપહરણકારની શોધખોળ આદરી છે.

# ત્રણ યુવતી-વૃદ્ધ પરિવારજનોને છોડી ગૂમ

### ભક્તિનગર, આજીડેમ, એ ડીવીઝન પોલીસ દ્વારા શરુ કરાઈ તપાસ

રાજકોટ, તા.૨૪
શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી આજે ત્રણ યુવતી અને એક વૃદ્ધ રહસ્યમય સંજોગોમાં ગુમ થયાની જુદા જુદા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે ગુમ થયેલા પરિવારજનોને શોધવા કવાયત આદરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ઢેબર કોલોનીમાં ક્વોટર નંબર ૧૦૩ માં રહેતા મહેબુબભાઈ મોહમ્મદભાઈ ભૈયાએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરીને તેમના ૭૦ વર્ષીય પિતા મહમદભાઈ કાસમભાઇ ઉંમર વર્ષ ૭૦ ગઈ તારીખ ૨૨ ડિસેમ્બરના રોજ પોતાના ઘરેથી સાંજના છ વાગ્યાની આસપાસ કોઈને જાણ કર્યા વગર જતા રહ્યા છે. તેમનો આજદી સુધી કોઈ પતો ન લાગતા આ બાબતે પોલીસમાં જાણ કરવામાં આવી છે.

બીજા બનાવમાં વિશાલભાઈ મુકેશભાઈ મકવાણા નામના યુવાને લિક્ષ્ઝત પાપડ વાળી શેરી, અક્ષર તીર્થ ઓર્કેડ, પીર વાડી પાછળ આવેલા ઘરેથી મયુરીબેન ગુમ થાની આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. ત્રીજા બનાવમાં મંજુબેન મહેશભાઈ ચાવડા નામના મહિલાએ તેમની ૨૨ વર્ષની પુત્રી સ્વાતિબેન એસ્ટ્રોન ચોક, પાર્થ ડાયગ્નોસ્ટીક સેન્ટર નામની હોસ્પિટલથી અકળ કારણોસર, આજે બપોરના ૧૨-૩૦ વાગ્યાની આસપાસ ગુમ થયાની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. જ્યારે ચોથા બનાવમાં મોરબી જિલ્લાના રવાપર ગામે રહેતા ધનસુખભાઈ ચારોલાએ ફિલ્ડ માર્શલ કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી અને ફિઝિયોથેરાપીનો અભ્યાસ કરી ચુકેલી પોતાની પુત્રી ગુમ થઈ હોવાની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. ચારેય ગુમ નોંધ પરથી પોલીસે તપાસ આદરી છે.

### જયરાજસિંહ જાડેજાએ પત્રકાર પરિષદમાં કહ્યું-વિવાદ વધુ વકરવા પાછળ રાજુ સોલંકીથી વિશેષ અનિરૂધ્ધસિંહ રીબડાનો રોલ!

# જયરાજસિંહ જાડેજા-રાજુ સોલંકી વચ્ચે સમાધાન

## રાજુ સોલંકીના પુત્ર અને ગણેશ જાડેજા વચ્ચે થયેલી માથાકુટમાં બંને એફઆઇઆર, ધરપકડો, જેલ પછી કાયદાકીય અને સામાજીક સમાધાનનો રસ્તો અપનાવી લેવાયો

રાજકોટ, તા. ૨૪
ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજા અને જુનાગઢના રાજુ સોલંકીના પુત્ર વચ્ચે થયેલી ધમાલ-મારામારી-માથાકુટમાં સામસામા નોંધાયેલા ગુના, ધરપકડો અને જેલવાસ બાદ આ મામલે આજે કાયદાકીય અને સામાજીક સ્તરે સમાધાન થયાની સતાવાર જાહેરાત જયરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં કરતાં ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. જો કે જયરાજસિંહે પત્રકાર પરિષદમાં જાહેરમાં કહ્યું હતું કે-આ વિવાદને વકરાવવામાં અનિરૂધ્ધસિંહ રીબડાનો વધુ ભાગ હતો! આ નિવેદનને પગલે હવે નવા વિવાદના મંડાણ થાય તો નવાઇ નહિ.



પત્રકાર પરિષદમાં જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે સમાધાન પાછળ રાજુ સોલંકીએ મોટી રકમ લીધાના જે વાત છે તેમાં કોઇ તથ્ય કે હકીકત નથી. રાજુએ એકપણ રૂપિયો મારી પાસે માંગ્યો કે લીધો નથી. આગામી સમયમાં રાજુએ તેના સમાજની ગરીબ દિકરીના સમુહલગ્નનું આયોજન કર્યુ છે. તેમાં ભોજન સમારંભમાં મારૂ આર્થિક યોગદાન રહેશે. આ વિવાદને વધુ વકરાવવા પાછળ રાજુ સોલંકીથી પણ વિશેષ અનિરૂધ્ધસિંહ (રીબડા)એ ભાગ ભજવ્યાનું પણ જયરાજસિંહએ માધ્યમોને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી સમાધાનની ભૂમિકા રચાવાનું શરૂ થયુ હતુ અને આ મામલે સોશ્યલ મીડીયામાં અહેવાલો ફરતા થયા હતા. દરમ્યાન અનુસુચિત જાતિના આગેવાનોની એક બેઠક ઘોઘાવદરમાં મળી હતી જેમાં પાછલા બારણે થયેલા સમેંલનને અસ્વીકાર્ય ગણાવાયું હતું.

આ વચ્ચે આજે ગોંડલમાં ધારાસભ્ય બંગલા ઉપર જયરાજસિંહ જાડેજા, રાજુ સોલંકી, રાજુ સોલંકીના પુત્ર, ક્ષત્રિય અને દલિત આગેવાનો તેમજ ભાજપના અગ્રણીઓની હાજરીમાં સતાવાર સમાધાન પરીપૂર્ણ થયું હતું. સમાધાન માટે રાજુ સોલંકી પરિવારને મોટી રકમ ચુકવાયાના મુદે શરૂ થયેલી ચર્ચા ઉપર જયરાજસિંહે પૂર્ણ વિરામ મુકતા જણાવ્યું હતું કે, આ વાત સંદતર ખોટી છે. રાજુ સોલંકીએ એકપણ રૂપીયો માંગ્યો નથી કે મેં ચુકવ્યો નથી. હા, એટલુ કહીશ કે, રાજુએ સમાધાન પ્રક્રિયા દરમ્યાન થયેલી વાતચીતમાં તેના સમાજની દિકરીઓના સમુહલગ્ન પોતે ફંડફાળા વગર કરતો હોવાનું જણાવી લગ સમારંભના ભોજન ખર્ચમાં યોગદાન આપવાનું કહયુ હતુ જેનો મેં સહર્ષ સ્વિકાર કર્યો છે. હવે આ મામલાને ડખોળવાનો કોઇ પ્રયાસ ન કરે તેવી સ્પષ્ટતા પણ તેમણે કરી હતી. આ સમાધાનની કાયદાકીય પ્રક્રિયા પુરી કરવામાં આવશે. સામાજીક સમાધાન થઇ ચુકયું છે. તેમ પત્રકાર પરિષદમાં જણાવાયું હતું.

### વ્યાજંકવાદના મુળીયા ઉખેડી નાખવાની ઝુંબેશ વચ્ચે વધુ એક કિસ્સો

# દોઢના ૪ાા કરોડ વસુલ્યા, છતાં વધુ માંગી ધમકી

## વૃધ્ધાને ત્રણ શખ્સો પિસ્તોલ બતાવી વધુ એંસી લાખ વ્યાજ માંગતા હતાઃ પોલીસે તુરંત કાર્યવાહી કરી પિસ્તોલ સાથે દબોચી લીધા

રાજકોટ, તા. ૨૪
રાજ્યભરમાં વ્યાજખોરીના દૂષણને ડામવા માટે પોલીસ સમયાંતરે અભિયાન-ઝુંબેશ ચલાવે છે. પરંતુ અમુક વ્યાજખોરોને પોલીસનો કે કાયદાનો જરાય ડર ન હોય તેવી પ્રતીતિ કરાવતા કિસ્સા અવાર-નવાર પોલીસ ચોપડે ચડતાં રહે છે. એક ચામડાતોડ વ્યાજની ચોંકાવનારી હકિકત સામે આવી છે. મહિલાએ મજબૂરીવશ એક શખ્સ પાસેથી એક કરોડ સતાવન લાખ રૂપિયા વ્યાજે લીધા હતાં. તેની સામે તેણીએ ચાર કરોડ ઓગણચાલીસ લાખ જેવી માતબર રકમ ચુકવી દીધી હોવા છતાં આ વ્યાજખોર ધરાયો નહોતો અને વધુ એંસી લાખ માંગી સાગરીતોની મદદથી મહિલાને ધમકીઓ આપવાનું ચાલુ કરી દીધુ હતું. પોલીસે ઘટનાને ગંભરીતાથી લઇ તુરત કાર્યવાહી કરી હતી અને ત્રણ જણાને પકડી લઇ એક પિસ્તોલ પણ કબ્જે કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના વડોદરા શહેરની છે. વ્યાજખોરે બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી અને પિસ્તોલ બતાવીને ધમકી આપતાં ચકચાર મચી ગઇ છે. પોલીસે ગુનો નોંધી ગુનામાં વપરાયેલી પિસ્તોલ સાથે ત્રણ શખ્સોને પકડ્યા છે. આ મામલે મકરપુરા પોલીસ વધુ તપાસ કરે છે. પોલીસ સુત્રોએ જણાવ્યું કે વડોદરાના એકસઠ વર્ષીય વૃધ્ધા વેપારીની પોલીસ ફરિયાદ મુજબ આરોપી સુનિલ નલીનભાઇ પરીખે કોરોના મહામારી દરમિયાન નાણાકીય મુશ્કેલીનો લાભ લઈને મહિલાને ૧,૫૭,૫૦,૦૦૦ રૂપિયા વ્યાજે આપ્યા હતાં.

તેની સામે ફરિયાદીએ ˙ બેંક, આંગડિયા પેઢી તથા રોકડ મળીને કુલ રૂ. ૪,૩૯,૮૦,૧૦૦ ચૂકવ્યા હોવા છતાં આરોપીએ વધારાના ૮૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. વધુ માહિતી આ માગણી પૂરી ન થતાં આરોપી સુનિલ પરીખ તેમજ તેના સાગરીતો રજનીકાંત રાવત અને જયેશ પરમાર ફરિયાદીના ઘરે અને ઓફિસે જઈને ગાળો બોલી, પિસ્તોલ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી કરતા હતા. આ બાબતે ફરિયાદીની ફરિયાદને આધારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસ ઇન્સ. એ.એમ. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.




### અન્ય ઘટનામાં રોકાણ પર નફાના નામે કરોડોની ઠગાઇમાં બાપ-બેટાને ઝડપી લેવાયા

તપાસને અંતે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી લીધી હતી અને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. જ્યાંથી ૨ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મળ્યા બાદ રિમાન્ડ પૂર્ણ થતાં ત્રણેય આરોપીઓને વડોદરા મધ્યસ્થ જેલ મોકલી દેવામાં આવ્યા છે. પોલીસે આ મામલામાં સુનિલ નલીનભાઇ પરીખ, રજનીકાંત અંબાલાલ રાવત અને જયેશ બાબુભાઇ પરમાર કે જે ત્રણેય અમદાવાદના વતની છે તેને પકડી લીધા હતાં.

અન્ય એક કિસ્સામાં અમદાવાદની યુનિક મર્કેન્ટાઈલ ઇન્ડીયા લીમીટેડ તથા યુનિક એસએમસીએસ લીમીટેડ કંપનીમાં ચાલતી અલગ અલગ સ્કીમોમાં એજન્ટ બનાવી લોકોને વધુ વળતર આપવાની લાલચે રોકાણ કરાવી કરોડો રૂપિયાની ઠગાઈ આચરવાના ગુનામાં ફરાર અમદાવાદના પિતા-પુત્રને ભુજ શહેર એ ડીવીઝન પોલીસે ઝડપી લીધા છે. ભુજ શહેર એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદી જયશ્રીબેન રતિલાલભાઈ સીતાપરાએ આરોપી હસમુખ ડોડીયા અને રાજકુમાર રાય વિરુદ્ધ ગુનો નોધાવ્યો હતો.જે ગુનામાં પોલીસ પકડથી ફરાર અમદાવાદના આરોપી રાજકુમાર કૈલાશ રાય અને રાહુલ રાજકુમાર રાયને ઝડપી લેવામાં આવ્યા છે.

વધુ વિગતો અનુસાર આરોપીઓએ ફરિયાદીને પોતાની કંપનીમાં એજન્ટ બનાવ્યા હતા.જે બાદ ફરિયાદી અને તેમના સગા સબંધીઓ પાસેથી અલગ અલગ સ્કીમોમાં રૂપિયા ૧ કરોડ જેટલું રોકાણ કરાવ્યું હતું.વધુ વળતરની રાહ જોતા લોકોએ આરોપીઓએ માત્ર ૧૯.૧૪ લાખ રૂપિયા આપ્યા હતા.જ્યારે પાકતી મુદ્દતે મળવાપાત્ર રકમમાંથી રૂપિયા ૧.૪૧ કરોડ રૂપિયા પરત ન આપી ઠગાઈ આચરી હતી.એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એ.એમ.પટેલની સુચનાથી ટીમે અમદાવાદ જઈ આરોપી પિતા-પુત્રને ઝડપી લીધા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ મથક સહીત અંજાર,ગાંધીધામ બી ડીવીઝન પોલીસ મથક અને ભરૂચ પોલીસ મથકે નોધાયેલા ગુનામાં પોલીસ પકડથી નાસતા ફરતા હતા.આ ઉપરાંત બન્ને આરોપી ગુનાહિત ઈતિહાસ પણ ધરાવે છે જેમાં આરોપી રાજકુમાર રાય વિરુદ્ધ જામ ખંભાળિયા અને ગાંધીગ્રામ રાજકોટ પોલીસ મથકે તેમજ આરોપી રાહુલ રાય વિરુદ્ધ ગાંધીગ્રામ રાજકોટ પોલીસ મથકના ચોપડે ચડી ચુક્યો હતો.

### વિજ્ઞાન-AIના યુગમાં પણ લોકો અંધશ્રધ્ધામાં થઇ જાય છે આંધળાભીંત

# ધુણવાનું નાટક કરી ગૃહિણીને છેતરતી મહિલા

## સાધુવેશે આવેલી મહિલાએ અમારે એકસોએકાવન ઘર ગણવાના છે કહી રોકડ મદદ માંગીઃ પછી ગૃહિણીને વાતોમાં પરોવી દાગીના લઇ લીધા : હું પ્રસન્ન થઇ ગઇ છું તારી દિકરી બોલતી થઇ જશે કહી દાગીના લઇ ભાગી ગઇ

રાજકોટ, તા. ૨૪

સાધુના વેશ ધારણ કરી લોકોને છેતરી જતાં ગઠીયાઓ અનેકવાર પકડાયા છે. આ વચ્ચે એક મહિલા સાધુનો વેશ ધરીને આવી હતી અને અન્ય એક ગૃહિણીને છેતરીને દાગીના લૂંટી ગાયબ થઇ ગઇ હતી. ઘરે આવેલી સાધુના વેશધારી મહિલાએ મારે માનતાના એકસો એકાવન ઘર ગણવાના છે તેમ કહી ગૃહિણીને અંધશ્રધ્ધામાં ભોળવીને દાગીના પડાવી લીધા હતાં. આ ઠગ મહિલા વાતવાતમાં ધુણવા માંડી હતી અને હું પ્રસન્ન થઇ છું, તારી દિકરી બોલતી થઇ જશે, સુખ શાંતી વધશે તેવુ કહી ઠગાઇ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના ભાવનગર શહેરમાં બની છે. અહિ રહેતી એક પરિણીતા ઘરે હતી જે દરમિયાન સાધુનો વેશ ધારણ કરી આવેલી મહિલાએ માનતાના એકસો એકાવન ઘર ગણવાના છે, તેમ કહી પરિણીતાના ઘરે ઘુસી હતી અને બાદમાં મહિલાને અંધશ્રધ્ધાના નામે ડરાવી ઘરમાં રહેલા સોનાના જુદા જુદા ઘરેણાં પોતાની થેલીમાં પરિણીતાના હાથે મુકાવી, હું પ્રસન્ન થઇ છું તું આ વાત કોઇને કહેતી નહીં તેમ કહી, ઢોંગી મહિલા એંસી હજારથી વધુના ઘરેણાં લૂંટી લીધા હતા.

વિજ્ઞાનના યુગમાં પણ આ પ્રકારની ઠગાઇઓ થતી રહે છે અને લોકો પણ અંધશ્રધ્ધામાં આંધળાભીંત થઇ લેભાગુઓની ગમે તેવી વાત સાચી માની લઇ છેતરાઇ જાય છે. આ કિસ્સામાં પરિણીતા અંધશ્રધ્ધાના વહેણમાં ડુબી જતાં લૂંટેરી મહિલાએ લાભ લઇ ફરાર થતાં ઢોંગી મહિલા સાધુની શોધખોળ શરૂ કરી હતી. ભાવનગર શહેરના ડી માર્ટ મોલ પાસે શિવ અમૃત સોસાયટીમાં રહેતા પરિણીત મહિલા રિંકલબેન અલ્પેશભાઇ મેરએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના ઘરે હતા જે દરમિયાન એક અજાણી સ્ત્રી સાધુના વેશમાં તેમના ઘરે આવેલી અને મારે માતાજીની માનતા છે.

આ મહિલાએ વધુમાં કહ્યું કે અમારે એકસો એકાવન ઘર ગણવાના છે, તમે જે પહોંચી શકો તે આપો તેમ કહેતા રિંકલબેને એકાવન રૂપિયા મહિલાને આપેલા અને બાદમાં મારે જમવું છે તેમ કહી રીંકલબેનના ઘરમાં બેસી ગઇ હતી. જે બાદ આ મહિલાએ રિંકલબેનને જુદી જુદી વાતોમાં ભેળવી, સોનાના જુદા જુદા ઘરેણાં બતવાવાનું કહી, એક સેટ પહેરાવવાનું કહેતા રિંકલબેને મહિલાને સોનાનો સેટ પહેરાવતા જ આ મહિલા ધુણવા લાગી હતી અને જે દરમિયાન તમામ ઘરેણાં મહિલાએ તેની પાસે રહેલ થેલીમાં મુકાવી, દીધા હતાં.

આ પછી એ મહિલાએ ધુણતા ધુણતા જ એવુ કહ્યું હતું કે હું પ્રસન્ન થઇ છું તું આ વાત કોઇને કહેતી નહીં તેમ કહી, તારી દિકરી સવા મહિનામાં બોલતી થઇ જશે તેમ કહી, સોનાના જુદા જુદા ઘરેણાં છ્યાંસી હજારની મત્તાની લૂંટ કરી, ફરાર થઇ જતાં ભરતનગર પોલીસ મથકમાં અજાણી સ્ત્રી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. તાજેતરમાં આ પ્રકારની ઘટનાઓ રાજકોટમાં બની હતી. જેમાં ટોળકીને પોલીસે ઝડપી લીધી હતી.




**બીજા કિસ્સામાં બનેવીને સબક શીખવવા સાળાએ ત્રણ શ્રમીકોને આપી વીસ હજારની સોપારીઃ બસ્સો સીસીટીવી ચેક કરી પોલીસે ત્રણેયને દબોચ્યા**

અન્ય એક ચોંકાવનારી ઘટના અમદાવાદ વાડજમાં બની છે. અહિ રહેતા એક યુવક પર ત્રણ અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો.જે બાદ પોલીસે તપાસ કરી ત્યારે એક રીક્ષાનો નંબર મળી આવતા પોલીસે તે રીક્ષાની વિગતો એકઠી કરી હતી.પોલીસને રીક્ષા ઓઢવમાંથી મળી આવી હતી.આરોપીને ઓઢવમાં પકડતી વખતે ભાગી જવાની શંકા હોવાથી પોલીસ કોન્સ્ટેબલે મીઠાખળી સુધી રીક્ષા ભાડે કરી અને પેસેન્જરના સ્વાંગમાં આરોપીને ઝડપી પાડ્યા છે.પોલીસ તપાસમાં પત્ની સાથે અણબનાવ થતાં બનેવીએ સાળાને વીસ હજાર આપી માર મારવાની સોપારી આપી હોવાનો ખુલાસો થયા હતો! શ્રીનાથ એપાર્ટમેન્ટ પાસે અજાણ્યા શખ્સોએ આવીને એક યુવકને માર માર્યો હતો. રીક્ષામાં આવેલા શખ્સોને શોધવા વાડજ પોલીસે બે ટીમ બનાવી હતી. પોલીસે બસ્સોથી વધુ સીસીટીવી તપાસ્યા હતા.જેમાં એક રીક્ષાનો નંબર મળી આવ્યો હતો.જે નંબર આધારે તપાસ કરતા આરોપી ઓઢવના હોવાનું સામે આવ્યુ હતું.

પોલીસે રીક્ષાસ્ટેન્ડ પર વોચ ગોઠવી હતી પરંતુ આરોપી નાસી જવાની શંકા હોવાથી પોલીસકર્મી પેસેન્જર બન્યો હતો. ઓઢવથી મીઠાખળી સુધી ભાડે રીક્ષા કરીને એક આરોપીને ભાગી ન શકાય તેવા વિસ્તારમાં લાવીને છટકામાં રહેલી પોલીસે આરોપીને ઝડપી પાડ્યા બાદ તમામ ચારેયની ધરપકડ કર હતી. પોલીસે સોપારી આપનાર જીગર દેસાઈ, સચિન પટણી, શ્યામજી પટણી અને આકાશ પટણી નામના ચાર આરોપીને ઝડપી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે જીગર દેસાઈએ આઠેક માસ પહેલા ભોગ બનનારની બહેન સાથે લગ્ન કર્યા હતા. પાંચેક દિવસ સાસરે રહ્યા બાદ જીગરની પત્નિ અણબનાવોના કારણે પરત આવી ગઇ હતી. જેથી જીગરે તેના સાળાને શબક શીખવાડવાનું નક્કી કર્યુ હતું. જે બાદ જીગરે તેના સાળાને માર મારવા માટે આરોપી સચિનને રૂપિયા વીસ હજારમાં સોપારી આપી હતી. સચિને તેના મિત્ર શ્યામજી અને આકાશને રૂપિયા માર મારવા માટે નવસો રૂપિયા આપ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

# ત્રણ મહિના પહેલા ગૂમ થયેલી બાળાને ઢગો ભગાડી ગયો'તો

## એએચટીયુની ટીમે મેંદરડા પાસેની વાડીમાંથી સગીરા અને શખ્સને શોધી કાઢી તાલુકા પોલીસને સોંપ્યા



રાજકોટ, તા. ૨૪

અપહૃત સગીરાને એએચટીયુની ટીમે ત્રણ મહિના બાદ શોધી કાઢી છે. આ સગીરાને એક શખ્સ ભગાડીને મેંદરડા તરફના ગામમાં લઇ ગયો હતો અને પોતાની સાથે વાડીમાં રાખી મજૂરી કરાવતો હતો. પોતે પતિ પત્નિ હોવાનું આ શખ્સે વાડી માલિકને કહ્યું હોઇ બંનેને કામે રાખ્યા હતાં.

વિગતો જોઈએ તો તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી ત્રણ મહિના પહેલા સત્તર વર્ષની સગીરાનું અપહરણ થઇ જતાં ગુનો દાખલ થયો હતો. આ સગીરાને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે તેને ભગાડી જનારા શખ્સ સાથે મેંદરડા નજીકના ગામની વાડીમાંથી શોધી કાઢી તાલુકા પોલીસને સોંપવા તજવીજ કરી હતી. બંને લગ્નવગર જ પતિ-પત્નિ તરીકે રહી ખેતમજૂરી કરતાં હોવાનું ખુલ્યું હતું.તાલુકા પોલીસમાં ત્રણ મહિના પહેલા એક સગીરા ગૂમ થયાની ફરિયાદ કરવા તેના વાલી પહોંચ્યા હતાં. તપાસ બાદ પોલીસે અપહરણનો ગુનો અજાણ્યા શખ્સ સામે દાખલ કર્યો હતો.

આ દરમિયાન એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના હરસખુભાઇ વાછાણી, હસમુખભાઇ બાલધાએ ટેકનીકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સિસના આધારે બાતમી મેળવતાં આ સગીરા મેંદરડા તરફની વાડીમાં એક શખ્સ સાથે હોવાની વિગતો મળતાં ટીમ ત્યાં પહોંચી હતી અને સગીરા તથા શખ્સને રાજકોટ લાવી તાલુકા પોલીસને સોંપ્યા હતાં. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ ભાર્ગવસિંહ એમ. ઝણકાટ, પીએસઆઇ બી. વી. ચુડાસમા, હેડકોન્સ. જીજ્ઞેશભાઇ મારૂ, હરસુખભાઇ વાછાણી, મહમદઆરીફ અંસારી, કોન્સ. હસમુખભાઇ બાલધા, મહેશ ગણેશપ્રસાદ, ભુમિકાબેન ઠાકર, જ્યોતીબેન બાબરીયા, ડ્રા.સુર્યકાંતભાઇ સહિતે આ કામગીરી કરી હતી. સગીરાને ભગાડી જનાર શખ્સની વધુ તપાસ તાલુકા પોલીસે હાથ ધરી હતી.

### લગ્નવાંચ્છુઓને ફસાવી રૂપિયા ખંખેરી લેવાના કિસ્સાઓમાં વધુ એકનો ઉમેરો

# ૪૮ કલાકમાં જ દૂલ્હન નાણા લઇ 'છૂ'!

## રત્નકલાકારે પોલીસને જાણ કરતાં હરકતમાં આવેલી પોલીસ બાતમી મેળવી વેશપલ્ટો કરી ફ્રોડ કન્યા અને સાગરીતને પકડી લાવી : બીજા ભેદ પણ ખુલવાની આશા

રાજકોટ, તા. ૨૪

બુલાતી હૈ પર જાને કા નહિ આ વાત ભુલી જનારા યુવાનો, વૃધ્ધો વેપારીઓ લેભાગુ યુવતિ અને તેની ટોળકીની જાળમાં ફસાઇ જતાં હોય છે. આવી જ એક ઘટનામાં એક યુવતિએ સાગ્રીતો સાથે મળી રત્નકલાકારને પોતાની મોહજાળમાં ફસાવી લગ્નના નામે રૂપિયા પડાવી લીધા હતાં. આ ગુનામાં સામેલ લૂંટેરી દુલ્હન એવી યુવતિ અને સાગ્રીતને પોલીસે વેશપલ્ટો કરીને દબોચી લીધા છે. તપાસ દરમિયાન અન્ય આવા ગુનાઓનો ભેદ ખુલવાની પોલીસને આશા છે.

વિગતો જોઇએ તો યુવાનોને કોઇને કોઇ રીતે ફસાવી પ્રેમના નાટક કરી હનીટ્રેપમાં ફસાવીને કે બીજી રીતે બ્લેકમેઇલ કરીને નાણા પડાવતી અનેક ટોળકીઓ સક્રિય છે. દરમિયાન સુરતના રત્નકલાકાર યુવકને પ્રેમજાળમાં ફસાવીને નાણાં ખંખેરનારી ટોળકીની એક યુવતી સહિત બે આરોપીને સુરત પોલીસે મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યા છે. આ ઓપરેશનમાં આરોપીઓને પકડવા માટે પોલીસે વેશપલટો કરીને વોચ ગોઠવી હતી, જેમાં મુખ્ય આરોપી જેવો સિગરેટ પીવા માટે આવ્યો કે તરત જ પોલીસે તેને દબોચી લીધો હતો. ગુનેગાર ગમે તેટલી સાવધાની રાખે, પણ તેની કોઈને કોઈ નાની ભૂલ કે આદત તેને જેલના સળિયા પાછળ ધકેલી દે છે.

પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો મુજબ સુરતના ચોક બજાર પોલીસ મથકની હદમાં નોંધાયેલા લુટેરી દુલ્હનના કેસમાં પણ આવું જ કંઈક બન્યું. મહારાષ્ટ્રના બોઈસરમાં છુપાયેલા આરોપીને પકડવા માટે પોલીસ માટે તેની સિગારેટ પીવાની આદતથી દબોચી લીધો હતો. સુરતના ચોક બજાર વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા એક યુવાન માટે લગ્નએ જીવનનું સૌથી મોટું સપનું હતું. વધતી ઉંમર સાથે યોગ્ય પાત્ર ન મળતા પિતાએ મિત્ર વર્તુળમાં વાત કરી હતી. આ




દરમિયાન એક શુભચિંતક મિત્રએ વોટ્સએપ પર રેખાદેવી યાદવ નામની યુવતીનો ફોટો મોકલ્યો. ફોટો જોતા જ યુવાન મોહિત થઈ ગયો અને પરિવારે લગ્નની મંજૂરી આપી દીધી. કોને ખબર હતી કે આ સુંદર ચહેરો એક મોટી લૂંટનું મહોરૂ છે. લગ્નની વાત નક્કી કરવા યુવાન અને તેના પિતા મુંબઈના દહીસર ખાતે ગયા. ત્યાં રેખાદેવીના કથિત સંબંધીઓ અશ્વિન અને અજય ઉર્ફે સોનું ગુપ્તાએ લગ્ન માટે રૂ. ૧.૩૦ લાખની માગણી કરી. ભોળા પરિવારે દીકરાના ઘર વસાવવાના આશયથી આ રકમ ચૂકવી દીધી.

આ પછી વિધિવત ફુલહાર સાથે લગ્ન થયા હતાં, મંગળસૂત્ર પહેરાવાયું હતું, પણ આ ખુશી માત્ર અડતાલીસ કલાક જ ટકી હતી. લગ્નના બીજા જ દિવસે રેખાદેવીએ પ્રોપર્ટીના કામનું બહાનું કાઢી વતન જવાની જીદ કરી અને જેવી સુરત છોડ્યું કે તરત જ ફોન સ્વીચ ઓફ કરી દીધો.પત્નિનો સંપર્ક ન થતા યુવાન ગભરાઈને મહારાષ્ટ્ર સ્થિત તેના ઘરે પહોંચ્યો હતો. પરંતુ ત્યાં જઈને જોયું તો મકાન ખાલીખમ હતું. પાડોશીઓ પણ કંઈ જાણતા નહોતા. યુવાનને સમજાઈ ગયું કે તે એક વ્યવસ્થિત રીતે આયોજિત લૂંટેરી દૂહલન ગેંગનો શિકાર બન્યો છે. તેણે તાત્કાલિક ચોક બજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ઈન્સ. એન.જી. ચૌધરીની ટીમે તપાસ હાથ ધરી. ટેકનિકલ એનાલિસિસમાં જાણવા મળ્યું કે આરોપીઓ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બોઈસર વિસ્તારમાં છુપાયેલા છે.

આ માહિતી પરથી પોલીસ ટીમ બોઈસર પહોંચી ત્યારે પડકાર મોટો હતો. જો પોલીસ તરીકે ઓળખ આપે તો આરોપીઓ નાસી જાય તેમ હતા. આથી પોલીસે ફિલ્મી સ્ટાઈલ અપનાવી હતી અને અવધનગર વિસ્તારની એક ચાની લારી પર પોલીસ જવાનોએ મિત્રતા કેળવી અને ત્યાં આવતા-જતા લોકો પર નજર રાખવાનું શરૂ કર્યું. ચાની લારીવાળાને પણ વિશ્વાસમાં લીધો અને ફોટા બતાવી બાતમી મેળવી હતી. જેવો આરોપી સિગારેટ પીવા આવ્યો કે તરત પકડી લેવાયો હતો. પછી તેના મારફત લૂટેરી દુલ્હન સુધી પહોંચી તેને પણ પકડી લેવાઇ હતી. આ બંનેએ બીજા કેટલાકને પણ શિકાર બનાવ્યાની શંકાએ તપાસ શરૂ થઇ છે.

### જામનગર-વડોદરા ઇન્ટરસીટીમાં વહેલી સવારે હાપાથી જામવંથલી વચ્ચે બનાવ
### ૭૭ વર્ષના ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ડબ્બામાં બીડી પી રહેલા શખ્સને ટપારતાં માથાકુટ

# નિવૃત PI પર હુમલો કરી લૂંટઃ આરોપી ઝડપાયો

## હુમલામાં ગંભીર ઇજા પામનાર વૃધ્ધ કોર્ટની મુદ્દતે અમદાવાદ જવા નીકળ્યા ત્યારે ઘટનાઃ મુળ પંજાબનો શખ્સ હુમલો કરી મોબાઇલ લૂંટી ભાગી ગયો હતોઃ રેલ્વે પોલીસની ટીમોએ દબોચી લીધોઃ રિવોલ્વર જેવું લાઇટર પણ પડાવી ગયો હતોઃ રેલ્વે પોલીસે કલાકોમાં શોધી ઝડપી લીધો

રાજકોટ, તા. ૨૪

અવાર-નવાર ઘર, કારખાના, રૂકાન કે બીજા સ્થળોએ ચોરી-લૂંટની ઘટનાઓ બનતીરહે છે. પરંતુ એક ચોંકાવનારી ઘટનામાં ચાલુ ટ્રેનમાં લૂંટ અને હીચકારા હુમલાની ઘટના બની છે. જેમાં જામનગર રહેતાં નિવૃત પોલીસ ઇન્સ્પેકટર સત્યોતેર વર્ષના વૃધ્ધ જામનગરથી અમદાવાદ કોર્ટ મુદ્દતમાં હાજર થવા ટ્રેન મારફત જતા હતાં ત્યારે હાપા-જામવંથલી વચ્ચે ડબ્બામાં તેમના પર એક શખ્સે હુમલો કરી ઢીકાપાટુ મારી, ફાયર સેફટીના લોખંડના બાટલાથી મોઢા-માથા-આંખ પર આડેધડ ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી મોબાઇલ ફોન અને રિવોલ્વર ટાઇપ લાઇટરની લૂંટ કરતાં ચકચાર મચી ગઇ છે. જો કે આ ગંભીર ઘટનાને પગલે હરકતમાં આવેલી રેલ્વે પોલીસે ગણતરીના સમયમાં આરોપીને સકંજામાં લઇ લીધો હતો. મોબાઇલ ફોન વાત કરવા માંગવા બાબતે બોલાચાલી-ગાળાગાળી થયા બાદ આ ઘટના બની હતી. ત્યારે ડબ્બામાં આ બે લોકો સિવાય બીજુ કોઇ જ નહોતું!

વિગતો પર નજર કરીએ તો જામનગર રહેતાં નિવૃત પીઆઇ જામનગરથી વહેલી સવારે ટ્રેનમાં બેસી અમદાવાદ કોર્ટ મુદ્દતે જવા નીકળ્યા ત્યારે ચાલુ ટ્રેને તેમના પર હુમલો કરી ઢીકાપાટુ તેમજ ટ્રેનમાં રખાયેલા આગ ઓલવવાના લોખંડના બાટલાથી હુમલો કરી બેફામ માર મારી લોહીલુહાણ કરી નાંખી તેમની પાસેની રિવોલ્વર, મોબાઇલ ફોન લૂંટી લેવામાં આવ્યા હતાં. રેલ્વે પોલીસની ટીમોએ તપાસનો ધમધમાટ આદરી કલાકોમાં લૂંટારૂ-હુમલાખોરને સકંજામાં લઇ લીધો છે. બીજી તરફ હુમલામાં નિવૃત પીઆઇને ગંભીર ઇજા પહોંચી હોઇ સિવિલ હોસ્પિટલમાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. લૂંટાયેલી રિવોલ્વર પરવાનાવાળી નહોતી પણ રિવોલ્વર જેવું લાઇટર આવે તે હોવાનું ખુલ્યું હતું.

આ ઘટનાની વધુ માહિતી અનુસાર જામનગરમાં જી.જી. હોસ્પિટલ પાસે રહેતાં ધર્મેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા કે જેમની ઉમર સત્યોતેર વર્ષની છે તેઓ જામનગર-વડોદરા ઇન્ટરસીટી ટ્રેનમાં બેસી વહેલી સવારે જામનગરથી અમદાવાદ જવા નીકળ્યા ત્યારે પાંચેક વાગ્યે ટ્રેન હાથા-જામવંથલી વચ્ચે પહોંચી તે વખતે ચાલુ ટ્રેનમાં ધર્મેન્દ્રસિંહ પર અજાણ્યા શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેમજ ટ્રેનમાં રખાયેલા આગ ઓલવવાના બાટલા વડે માથા-મોઢા પર બેફામ માર મારતાં લોહીલુહાણ થઇ ગયા હતાં. ટ્રેન રાજકોટ આવી ત્યારે ધર્મેન્દ્રસિંહ લોહી નીકળતી હાલતમાં ટ્રેનમાંથી



બહાર આવતાં લોકો એકઠા થઇ ગયા હતાં. રેલ્વે પોલીસ મથકના રણજીતસિંહ ત્યાં પહોંચી ગયા હતાં અને ૧૦૮ બોલાવી ધર્મેન્દ્રસિંહને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યા હતાં.

અહિ તબિબની પ્રાથમિક પુછતાછમાં પોતાના પર ટ્રેનમાં અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ફાયરના બાટલાથી માર માર્યાનું કહેતાં હોસ્પિટલ ચોકીમાં જાણ કરવામાં આવતાં અમૃતભાઇ મકવાણા, ચિત્રકેતુસિંહ ઝાલા, રવિભાઇ, ધર્મેન્દ્રભાઇ હુદડ સહિતે રેલ્વે પોલીસને જાણ કરી હતી. નિવૃત પીઆઇ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હું અગાઉ અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવતા હતાં. અઢાર વર્ષથી નિવૃત છું, હું નિવૃત થયો ત્યારે પોલીસ ઇન્સ્પેકટર હતો અને ડીવાયએસપીના ચાર્જમાં હતો. મારે આજે અમદાવાદ કોર્ટમાં મુદ્દત હોવાથી જામનગરથી ટ્રેનમાં બેઠો હતો. આ ટ્રેન જામનગરથી ઉપડી હાપા-જામવંથલી વચ્ચે પહોંચી ત્યારે ટ્રેનના ડબ્બામાં હું એકલો જ હતો.

આ વખતે અજાણ્યા શખ્સે મારી સાથે માથાકુટ કરી મારકુટ ચાલુ કરી દીધી હતી અને લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. મેં પ્રતિકાર કરતાં ઢીકા-પાટુ માર્યા હતાં અને બાદમાં ટ્રેનમાં ફાયર સેફ્ટી માટે રખાયેલો લોખંડનો બાટલો કાઢીને તેનાથી મને બેફામ માર માર્યો હતો. આ શખ્સ મારી પાસેથી મારી રિવોલ્વર તેમજ મારા બે મોબાઇલ ફોન પડાવી ગયા હતાં. મને ખુબ માર માર્યો હોઇ હું બેભાન જેવો થઇ ગયો હતો. રાજકોટ ટ્રેન પહોંચી ત્યારે ભાનમાં આવતાં નીચે ઉતર્યો હતો. આ શખ્સોએ લૂંટના ઇરાદે જ હુમલો કર્યાનું મને લાગે છે. તેમ વધુમાં ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ગંભીર ઘટનાની જાણ થતાં રેલ્વે પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શનમાં પોલીસ ઇન્સ. હિતેન્દ્રસિંહ એમ. રાણા, પીએસઆઇ બલભદ્રસિંહ જે. જાડેજા, પરેશભાઇ સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

આ ઘટના ખરેખર કયા કારણોસર બની? તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. ચાલુ ટ્રેનમાં આ રીતે હુમલો કરી નિવૃત પીઆઇની રિવોલ્વર, મોબાઇલ ફોન પડાવી જવાયા હોઇ ભેદ ઉકેલવા રેલ્વે પોલીસ, રેલ્વે એસઓજી, એલસીબીની ટીમો કામે લાગી હતી. દરમિયાન હુમલાખોર-લૂંટારૂનું પગેરૂ દબાવતા પોલીસની ટીમો આગળ વધી હતી અને રાજકોટથી આગળ જતાં હાઇવે પરથી શકમંદને દબોચી લીધો હતો. તેની પાસેથી નિવૃત પીઆઇનો મોબાઇલ મળી આવ્યો હતો. આ શખ્સે પોતે મુળ પંજાબનો નિશાદસિંઘ હોવાનું અને જામનગર રીલાયન્સ પાસે નોકરી કરતો હોવાનું રટણ કર્યુ હતું. મોબાઇલ ફોન માંગવા બાબતે ગાળાગાળી થતાં મારામારી થયાનું તેણે રટણ કર્યુ હતું. પોલીસ આ શખ્સની વિસ્તૃત પુછતાછ કરી સાચી વિગતો ઓકાવશે. હાલમાં હુમલો કરી લૂંટની કલમો હેઠળ ગુનો નોંધવા તજવીજ થઇ રહી છે.

તપાસમાં એવુ પણ ખુલ્યું છે કે જે રિવોલ્વર લૂંટાઇ ગયાનું નિવૃત પીઆઇએ કહ્યું હતુ તે ખરેખર પરવાનાવાળી રિવોલ્વર નહોતી પરંતુ રિવોલ્વર જેવું પ્લાસ્ટીકનું લાઇટર આવે તે હતું. સિવિલ હોસ્પિટલમાંથી ધર્મેન્દ્રસિંહ જાડેજાને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. તેઓ મુળ જામનગરના ભણગોરના વતની હોવાનું અને સંતાનમાં એક દિકરો હોવાનું પોલીસ સુત્રો તરફથી જાણવા મળ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં નિવૃત પીઆઇની સારવારમાં ભયંકર બેદરકારી દાખવાઇ હોવાનું ખુદ રેલ્વે પોલીસના અધિકારીઓએ અનુભવ્યું હતું. સવારે સાત વાગ્યે દાખલ કરાયા છતાં બે અઢી કલાક સુધી કોઇ સારવાર ચાલુ કરવામાં આવી નહોતી. અંતે તેમને ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયા હતાં.

આ ઘટતનાનો ભેદ ઉકેલવાની કામગીરી રેલ્વે પોલીસ ઇન્સ.એચ. એમ. રાણાની સાથે પીએસઆઇ બલભદ્રસિંહ જે. જાડેજા, એલસીબી પીએસઆઇ જે. એમ. પરમાર, સુરેન્દ્રનગર પીએસઆઇ સી. પી. બાવળીયા, રેલ્વે પોલીસના વનરાજભાઇ ખવડ, મનસુખભાઇ, અનિલભાઇ, સાગરભાઇ ભોરીંગ, યોગેન્દ્રસિંહ, મધુરાજસિંહ, દિવ્યરાજસિંહ સહિતની ટીમોએ કરી હતી.

દારૂડીયો દારૂ નથી પીતો, દારૂ જ તેને પી જાય છેઃ ત્રણ લાલબત્તી સમાન કરૂણ ઘટના

# દારૂ બન્યો મોતનું કારણ : ૩ યુવાને દીધા જીવ!

## રૈયાધારના યુવાનને પત્નિએ દારૂ છોડી દેવાનું કહેતાં લટકીની જિંદગી ત્યજી દીધીઃ અમરેલીમાં અને ટંકાર-ટીંબડીમાં બે યુવાન નશાની હાલતમાં ભાન ભુલી એસિડ-ઝેર પી જતાં થઇ ગયા મોતઃ પરિવારોમાં કલ્પાંત

રાજકોટ, તા. ૨૪

રાજ્યમાં દારૂબંધી છે પરંતુ આમ છતાં પીનારાઓને ગમે ત્યાંથી જે પીવો હોય એ એટલે કે દેશી કે વિદેશી દારૂ મળી રહે છે. પોલીસ રોજબરોજ દારૂના દરોડા પાડી સપ્લાયરો, બૂટલેગરોને પકડે છે. હજારો લાખોનો વિદેશી દારૂ પકડે છે તો સાથે સાથે લીટરોમાં દેશીનો જથ્થો પણ પકડે છે. જો કે આમ છતાં દારૂબંધીનો અમલ કેવો અને કેટલો થાય છે તે સૌ જાણે છે. કહેવત છે કે દારૂડીયો દારૂને નથી પીતો, પણ દારૂ જ દારૂડીયાને પી જાય છે. આ વાતની પ્રતીતિ કરાવતી અને લાલબત્તી ધરતી ત્રણ કરૂણ ઘટના સામે આવી છે. જેમાં એક યુવાનને પત્નિએ દારૂ છોડી દેવા કહેતાં ઝઘડો કરીને આ યુવાને પોતાની જિંદગી છોડી દીધી હતી. બીજી બે ઘટનામાં બે યુવાન દારૂના નશામાં ભાન ભુલી જતાં એસિડ અને ઝેર પી જતાં બંનેના મોત થયા હતાં.

પ્રથમ કરૂણ ઘટના પર નજર કરીએ તો રૈયાધારમાં રહેતો યુવાન દારૂ પી ઘરે આવી માથાકુટ કરતો હોઇ પત્નિએ દારૂ છોડી દેવાનું કહી ઠપકો દેતાં બંને વચ્ચે બોલાચાલી થઇ પડી હતી. આ કારણે આ યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી મુજબ રૈયાધાર પાણીના ટાંકા પાસે મેલડી માતાજીના મંદિર પાસે રહેતાં જીતેશભાઇ મનુભાઇ જખાણીયા નામના પાંત્રીસ વર્ષના યુવાને સવારે ઘરે લાકડાની આડીમાં શર્ટ બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં ૧૦૮ મારફત જાણ થતાં યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર જીતેશભાઇ પાંચ ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજો હતો.

તેને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. જીતેશભાઇ છુટક કલરકામ કરતો હતો. સગાના કહેવા મુજબ તેને દારૂ પીવાની ટેવ હોઇ વારંવાર દારૂ પી ઘરે આવતો હતો. પત્નિ નીમુબેને દારૂ છોડી દેવાનું કહી ઠપકો આપતાં આ કારણે બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. જેથી માઠુ લાગી જતાં તેણે આ પગલુ ભરી લીધું હોવાનું જણાવાયું હતું.



સેટી પરથી પડી જવાથી વૃધ્ધાની જિંદગી ખતમ થઇ

બીજી ઘટના જોઇએ તો અમરેલીમાં રોકડીયાપરામાં રહેતાં અતુલભાઇ ભીખાભાઇ પાટડીયા નામના સાડત્રીસ વર્ષના યુવાને એસિડ પી લેતાં અમરેલી હોસ્પિટલમાં દાખલ કરાયેલ. બાવીસ દિવસ ત્યાં સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પરંતુ અહિ આજે વહેલી સવારે તેનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર અતુલભાઇ બે ભાઇમાં મોટો હતો અને અપરિણીત હતો. તે છુટક મજૂરી કરતો હતો. સગાના કહેવા મુજબ દારૂનો નશો કર્યા બાદ માથે એસિડ પી લીધુ હતું.

જ્યારે ત્રીજી આવી જ ઘટનાની માહિતી મુજબ ટંકારાના ટીંબડી ગામે પ્રફુલભાઇની વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના અનંત રાધેશ્યામ ઠાકુર નામના પચ્ચીસ વર્ષના યુવાને સાંજે ઝેરી દવા પી લેતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ વહેલી સવારે મોત થયું હતું. તે ચાર ભાઇ અને એક બહેનમાં બીજો હતો અને અપરિણીત હતો. દારૂ પીધા બાદ ભાન ભુલી માથે ઝેરી દવા પી લીધાનું જણાવાયું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, ચિત્રેકતુસિંહ ઝાલા, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ સહિતે અમરેલી અને ટંકારા પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. દારૂના નશાને કારણે અલગ અલગ ઘટનામાં બે યુવાને જીવ ગુમાવતાં તેના પરિવારોમાં શોક છવાઇ ગયો હતો.

આમ દારૂના દૈત્યને કારણે ત્રણ ત્રણ યુવાને પોતાની જિંદગી ગુમાવવી પડી હતી, તો સાથે આ યુવાનોના પરિવારના માળા પણ વેરણછેરણ થઇ ગયા હતાં. આ પ્રકારના કિસ્સાઓ અગાઉ પણ અનેક વખત બની ચુક્યા છે. ત્યારે વધુ આ ત્રણ ઘટનાઓ નશાખોરો માટે લાલબત્તી સમાન ગણી શકાય તેવી છે.

અપમૃત્યુના અન્ય એક બનાવમાં જુનાગઢના વંથલી ગામે રહેતાં બતુલબેન અકબરઅલી વાઘેલા નામના વૃધ્ધા પંચોતેર વર્ષના વૃધ્ધા ઘરમાં સેટી પરથી પડી જતાં ઇજા થતાં વંથલી, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત સાંજે તેમનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી વંથલી પોલીસને જાણ કરી હતી. આ બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

# બંગાળી મહિલાએ ગળેફાંસો ખાધો

## માનસિક અસ્વસ્થ હોવાની બહાર આવતી વિગતો : હાથીખાના વિસ્તારનો બનાવ

રાજકોટ, તા.૨૪

શહેરના હાથીખાનાવિસ્તારમાં એક બંગાળી કારીગરની પત્નીએ માનસિક અશ્વસ્થની બીમારીના કારણે આજે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા લત્તામાં ચકચાર જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના હાથીખાના શેરી-૬, મુરલીધર સ્કૂલ, ની સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા યુસુફભાઈ સોલંકીના મકાનમાં ભાડેથી રહેતા પલાશભાઈ પોરેલ નામના બંગાળી કારીગરના પત્ની માનસીબેન( ઉ.વર્ષ ૨૪) આજે બપોરના સાડા ત્રણ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સૌ પ્રથમ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈએમટી સોનલબેન દેગડિયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જોઈ-તપાસીને માન્સીબેનને મૃત જાહેર કર્યા હતા.

દરમિયાન એ ડિવિઝન પોલીસે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતક મહિલાની લાશને પીએમ માટે સિવિલ સિવિલ હોસ્પિટલે ખસેડી હતી. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન એવી વિગતો બહાર આવી છે કે મૃતક મહિલા માનસીબેનના માતા-પિતા કોઈ નથી. અને પોતે મૂળ પશ્ચિમ બંગાળના વતની છે. લગ્ન થઈ ગયા બાદ તેઓ રાજકોટ આવી ગયા હતા અને સાત વર્ષનો લગ્ન ગાળો ધરાવે છે. સંતાનમાં તેમને સાડા પાંચ વર્ષની એક પુત્રી છે. પતિ રાબેતા મુજબ સોની બજારમાં મજૂરી માટે ગયા બાદ પાછળથી માનસીબેને આપઘાત કરી લીધો હતો.



એ ડિવિઝન પોલીસે એવું પણ જણાવ્યું હતું કે આજુબાજુ રહેતા ગુજરાતી લોકોના નિવેદનો લેવામાં આવતા તમામ પાડોશી લોકોએ માનસીબેન માનસિક રીતે અશ્વસ્થ હોવાનું તેમજ ઘણી વખત તેમને શરીરમાં વાય જેવી તકલીફ આવતી હોવાનું સાંભળવાને જોવા મળ્યું હોવાનું જણાવ્યું છે. એ ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ રાઘવભાઈ સરવૈયાએ પ્રાથમિક કાગળો કર્યા બાદ આ બનાવની વધુ તપાસ પીએસઆઇ એસ.એન.ચાવડા દ્વારા હાથ ધરવામાં આવી છે

વિકૃત લેભાગુ તત્વોના કરતૂતો સતત ચડે છે પોલીસ ચોપડેઃ વધુ એક ચોંકાવનારી ઘટના

# સગીરાને ગર્ભ રાખી મંગેતર બીજીને લઇ ભાગ્યો!

## સગાઇ બાદ વારંવાર દૂષ્કર્મ આચરી લીધુંઃ ગર્ભ રહ્યાની જાણ થતાં બીજી યુવતિને ફસાવીને ભાગ્યોઃ સગીરા કુંવારી માતા બનતાં પોલીસ હરકતમાં આવીઃ હવસખોરને પકડીને કર્યો જેલભેગો

રાજકોટ, તા. ૨૪

હવસખોર વિકૃત શખ્સો ઠેકઠેકાણે પોતાના ગંદા ઇરાદાઓ સાથે નજર માંડીને બેઠા હોય છે. સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ કે પછી ક્યારેક વિધવા કે પારકી પરણેતરોને તેઓ સોશિયલ મિડીયા થકી કે પછી બીજી કોઇ રીતે પોતાની મોહજાળમાં ફસાવી અલગ અલગ પ્રકારના પ્રલોભનો આપી જીવતર બગાડતાં હોય છે. આવા કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. દરમિયાન પંદર વર્ષની એક સગીરાને તેના જ મંગેતરે વારંવાર દૂષ્કર્મનો શિકાર બનાવી ગર્ભ રાખી દેતાં આ સગીરા કુંવારી માતા બની ગઇ હતી. ચોંકાવનારી વાત એ હતી કે કૂકર્મ આચરી ગર્ભ રાખી દઇ આ હવસખોર બીજી એક યુવતિને લઇ ભાગી ગયો હતો! પોલીસે પોક્સો, દૂષ્કર્મનો ગુનો નોંધી આ હવસખોર મંગેતરની ધરપકડ કરી જેલભેગો કર્યો છે. બીજા બનાવમાં એક યુવતિને વિધર્મી શખ્સ ભગાડી જતાં વાતાવરણ ગરમાયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વલસાડ જિલ્લાના કપરાડા



તાલુકામાં એક પંદર વર્ષીય સગીરા સાથે દુષ્કર્મનો ગંભીર બનાવ સામે આવ્યો છે. સગીરાએ હોસ્પિટલમાં એક બાળકીને જન્મ આપ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે દુષ્કર્મ આચરનાર યુવકની ધરપકડ કરી છે. પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો અનુસાર કપરાડાના એક ગામમાં રહેતી સગીરાની ગયા વર્ષે ગામના જ એક યુવક સાથે સગાઈ થઈ હતી. સગાઈ બાદ સગીરા યુવકના ઘરે રહેવા ગઈ હતી. આ સમયગાળા દરમિયાન, યુવકે સગીરાની મરજી વિરૂધ્ધ વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

દુષ્કર્મ આચર્યા બાદ યુવક ગામની જ અન્ય એક યુવતીને લઈને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ તેણે સગીરા સાથેની સગાઈ પણ તોડી નાખી હતી. આ ઘટના બાદ સગીરા પોતાના માતા-પિતા સાથે નાસિક ખાતે રહેવા ગઈ હતી. તાજેતરમાં તેની તબિયત લથડતા તેને નાસિકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં તપાસ દરમિયાન સગીરા ગર્ભવતી હોવાનું બહાર આવ્યું હતું અને તેણે એક બાળકીને જન્મ આપ્યો હતો. ઘટનાની જાણ થતાં નાસિક પોલીસની ટીમે હોસ્પિટલ પહોંચીને પ્રાથમિક પૂછપરછ કરી હતી. પૂછપરછમાં સમગ્ર ઘટના કપરાડા તાલુકાની હોવાનું જાણવા મળતાં નાસિક પોલીસે તાત્કાલિક કપરાડા પોલીસને જાણ કરી હતી. કપરાડા પોલીસે દુષ્કર્મ આચરનાર યુવક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો સુરતના શાંત ગણાતા ઓલપાડ ટાઉનમાં લવ જેહાદની વધુ એક ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. પરા વિસ્તારમાં રહેતો એક મુસ્લિમ યુવક હિન્દુ સમાજની શિક્ષિત યુવતીને લલચાવી-ફોસલાવી ભગાડી ગયો હોવાની વાત વાયુવેગે સરતા નગરમાં વાતાવરણ ગરમાયું હતું. પરિસ્થિતિ વણસે તે પૂર્વે જ પોલીસ કાફલો સતર્ક થઈ ગયો છે અને યુવકને ઝડપી પાડવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે સુરત કે અન્ય સ્થળોએ અભ્યાસ માટે જતી યુવતીઓને કેટલાક યુવકો યેન-કેન પ્રકારે પોતાની જાળમાં ફસાવી રહ્યા છે.

દરમિયાન એવી પણ ચર્ચા છે કે ઓલપાડમાં ગેરકાયદેસર વ્યવસાયો સાથે સંકળાયેલા અમુક તત્વો હવે સામાજિક શાંતિ ડોહળવા માટે લવ જેહાદ જેવી પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યા છે. ગણતરીના દિવસો પહેલા પણ આવી જ એક ઘટના બની હતી. પોલીસ તો ઘટના જાહેર થાય પછી કામે લાગતી હોય છે. પરંતુ આવા તત્વોની જાળમાં ન ફસાઇએ એ માટે ખુદ સગીરાઓ, યુવતિઓએ પણ જાગૃત થવાની ખુબ જરૂર છે. ગમે તેની સાથે મિત્રતા કરતાં પહેલા તેનો બાયોડેટા, તેની પ્રવૃતિઓ, તેનું અસલી નામ સરનામુ સહિત તપાસવા, ચકાસવા જરૂરી છે. આ જવાબદારી સોશિયલ મિડીયા મારફત ફ્રેન્ડસ બનાવતાં અને ફ્રેન્ડશીપ બાદ પ્રેમમાં પડનારા તમામે નિભાવવી અનિવાર્ય છે.

અસલી-નકલીનો ભેદ પારખી ન શકાય એ હદે થઈ રહ્યું છે ડુપ્લીકેશન

# રાજકોટમાં ઠલવાતી એપલની નકલી એસેસરીઝ

## રાજકોટના સરદારનગરની પાંચ દુકાનોમાંથી પાંચ લાખથી વધુનો નકલી માલ મળ્યોઃ પોલીસ ડુપ્લીકેશનના મુળ સુધી પહોંચશે કે કોપીરાઇટનો કેસ હોઇ રાત ગઇ બાત ગઇ જેવું થશે?

રાજકોટ, તા. ૨૪

ભેજાબાજો કોઇપણ કંપનીની બ્રાન્ડેડ કંપનીની મોંઘીદાટ ચીજવસ્તુઓનું રાતોરાત ડુપ્લીકેશન કરી આવી અદ્દલ અસલી જેવી દેખાતી ચીજવસ્તુ પાણીના ભાવે બજારમાં વહેતી કરી દેતાં હોય છે. અવાર-નવાર આ પ્રકારના કારસ્તાન ખુલ્લા પડે છે. દરમિયાન શહેરના સરદારનગર મેઇન રોડ પર મોબાઇલ એસેસરીઝની પાંચ દૂકાનોમાં એપલ કંપનીના માર્કાવાળા ડુપ્લીકેટ સિમ્બોલવાળા મોબાઇલ કવર, કેબલ, ઇયરબર્ડ, એડેપ્ટર, એરપોડ, પાવર બેંક સહિત વેંચવામાં આવતાં હોઇ આવો પાંચ લાખથી વધુનો નકલી માલ કબ્જે કરાયો છે. પ્રાથમિક તપાસમાં આવા નકલી માલનો જથ્થો મુંબઇ-દિલ્હીથી રાજકોટમાં ઠાલવવામાં આવતો હોવાનું ખુલ્યું છે. જો કે માત્ર કોપીરાઇટનો કેસ નોંધીને પોલીસ બેસી રહેશે કે પછી ડુપ્લીકેશનના મુળ સુધી જવા પ્રયાસ કરશે? તેવો સવાલ ખડો થયો છે.

વિગતો પર નજર કરીએ તો અલગ અલગ બ્રાન્ડેડ કંપનીના કોપીરાઇટ હક્કોના રક્ષણ માટે કામ કરતી કંપનીના મેનેજરે પોલીસને સાથે રાખી દરોડા પાડતાં એપલના નામે વેંચાતી ૫,૦૫,૫૦૦ની કિમતની ડુપ્લીકેટ એસેસરીઝ મળી












આવતાં ગુના દાખલ કરાવાયો છે. આ અંગે એ-ડિવીઝન પોલીસે અમદાવાદ મણીનગર પુર્વ મધુકુંજ સોસાયટીમાં રહેતાં છેતાલીસ વર્ષના વિશાલસિંહ હીરાસિંહ જાડેજાની ફરિયાદ પરથી સરદારનગર મેઇન રોડ પર આવેલી જય બાલાજી મોબાઇલ એસેસરીઝના માલિક-સંચાલક, મહાદેવ મોબાઇલ કવર હાઉસના માલિક સંચાલક, કવર ઝોન નામની દુકાનના માલિક-સંચાલક અને ટફન ઝોન તથા ટફનવાલા મોબાઇલ એસેસરીઝ નામની દૂકાનના માલિક-સંચાલક વિરૂધ્ધ કોપીરાઇટ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. વિશાલસિંહ જાડેજાએ જણાવ્યું છે કે હું ગ્રીફીન ઇન્ટેલએચ્યુઅલ પ્રો. સર્વિસ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવું છું. અમારી કંપનીનું કામ અલગ અલગ બ્રાન્ડેડ કંપનીના ટ્રેડમાર્ક, કોપીરાઇટ હક્કોનું રક્ષણ કરવાનું છે.

જો કોઇ કંપનીની ચીજવસ્તુનું ડુપ્લીકેશન કરી વેંચવામાં આવતું હોય તો અમારે લીગલ કાર્યવાહી કરવાની હોય છે. દરમિયાન હું અને સાથેના હરપાલસિંહ ઝાલા, દિકુલ શાહ, રોનાલ્ડ ક્રિસ્ટન સહિતના ફરજના ભાગ રૂપે રાજકોટ આવ્યા ત્યારે માહિતી મળી હતી કે સરદારનગર રોડ પર આવેલી જય બાલાજી મોબાઇલ એસેસરીઝ, મહાદેવ મોબાઇ કવર હાઉસ, કવર ઝોન, ટફન ઝોન, ટફન વાલા મોબાઇલ એસેસરીઝ નામની દૂકાનોમાં એપલ કંપનીના સિમ્બોલવાળી ડુપ્લીકેટ એસેસરીઝ જેમ કે હેડફોન, કેબલ, એડેપ્ટર-ચાર્જર, કવર, એરપોડ વગેરેનું ગેરકાયદેસર વેંચાણ થાય છે.આથી અમે જરૂરી પુરાવા સાથે કાર્યવાહી કરવા એ-ડિવીઝન પોલીસ સ્ટેશને જતાં પીઆઇ બી. વી. બોરીસાગરે ટીમને સાથે મોકલી હતી.

આ પછી આ ટીમનીસાથે પીએસઆઇ આર. એમ. બરાડીયા, કોન્સ. પ્રદિપભાઇ ગોવળીયા, ભરતભાઇ રાઠોડ સહિતના અમારી સાથે સામેલ થયા બાદ અમે પાંચ દુકાનોમાં તપાસ કરતાં આ પાંચેય દુકાનોમાંથી એપલના માર્કાવાળી એસેસરીઝ મળી આવી હતી. દૂકાનોમાંથી કુલ ૫,૦૫,૫૦૦ની નકલી એસેસરીઝ મળી હતી. આ અંગે પાંચેય દુકાનના સંચાલક-માલિક વિરૂધ્ધ કોપીરાઇટ ભંગનો ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ જય બાલાજી એસેસરીઝ નામની દુકાને આકાશભાઇ રામભાઇ તલરેજા હાજર હતાં અને તેની દુકાનમાંથી એપલ સિમ્બોલવાળા મોબાઇલ કવર, એરપોડ સહિત ૧,૩૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે થયો હતો. મહાદેવ મોબાઇલમાં ભાવારામ ખુમારામ ચૌધરી હાજર હતાં, તેની દુકાનમાંથી એપલ સિમ્પબોલાવાળ મોબાઇલ કવર, એડેપ્ટર, યુએસબી કેબલ, એરપોડ મળી ૧,૫૪,૦૦૦ની એસેસરીઝ મળી હતી.

તેમજ કવર ઝોનમાં પ્રેમલ કિશોરભાઇ રાચ્છ હાજર હતાં, તેની દુકાનમાંથી મોબાઇલ કવર, કેબલ, એરપોડ, એપલ સિમ્બોલવાળી બેટરી મળી ૧,૦૯,૫૦૦નો મુદ્દામાલ તથા ટફન ઝોન દુકાનમાં રામભાઇ રણછોડભાઇ ડાંગર હાજર હતાં અને તેમાંથી ૬૧૫૦૦ની એસેસરીઝ તથા ટફનવાલામાં હર્ષ અજયભાઇ કીલજી હાજર હોઇ તેની દુકાનમાં તપાસ કરતાં એપલ સિમ્બોલવાળા કવરો, બેક પેનલ મળી ૪૬૫૦૦નો મુદ્દામાલ કબ્જે થયો હતો. આ બધા દુકાનદારો આવો નકલી માલ-એસેસરીઝ ક્યાંથી લાવે છે? તેની વધુ તપાસ પીઆઇ બી. વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઇ આર. એમ. બરાડીયાએ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મુંબઇ, દિલ્હીથી આ નકલી માલ આવતો હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે સવાલ એ છે કે આવો લાખોનો નકલી માલ ક્યાંથી આવે છે? તેના મુળ સુધી પહોંચવા પોલીસ કાર્યવાહી કરશે કે પછી માત્ર કોપીરાઇટનો કેસ હોઇ રાત ગઇ બાત ગઇ જેવું થશે? તેની ચર્ચા થઇ રહી છે.

સરકાર દ્વારા જે GST કાયદાને લાગુ કરવામાં આવ્યો તેમાં અનેકવિધ બદલાવ જોવા મળ્યા

# GST ટ્રિબ્યુનલ સર્કિટને લાગ્યું 'ગ્રહણ'

## અનેક તારીખો આવી પરંતુ શરૂ થવામાં અવરોધ : સ્ટેટ - સેન્ટ્રલની અપીલોનું ભારણ સૌથી વધુ, સામે વેપારીઓ નિરાશ

## મદ્રાસ બાર દ્વારા સુપ્રીમમાં પિટિશન દાખલ, અપિલેટ ટ્રિબ્યુનલનું માળખામાં વિસંગતતા હોવાની વાત આવતા સુનાવણી

## રાજકોટ અપિલેટ ટ્રીબ્યુનલ સર્કિટના સ્ટેટના મેમ્બર તરીકે આર. જી હદવાણી : સ્ટાફની ટ્રેનિંગ પ્રક્રિયા પણ પૂર્ણ




રાજકોટ, તા. ૧૪

કેન્દ્ર સરકાર દ્વારા જે સમયથી જીએસટી કાયદા ને લાગુ કરવામાં આવ્યો છે તે સમયથી અનેકવિધ બદલાવ જોવા મળી રહ્યા છે સામે જીએસટીમાં જો કોઈ પ્રશ્નનો નિવારણ આવતું ન હોય તો વેપારીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડે છે અથવા તો સુપ્રીમ કોર્ટ ની મદદ લેવી પડે છે. પરિણામ સ્વરૂપે હાલ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ખૂબ વધુ કેસોનો ભરાવો થઈ ચૂક્યો છે જેનું નિવારણ લાવવું અત્યંત જરૂરી છે. આ માટે જીએસટી અપેલેટ ટ્રીબ્યુનલ ની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હાલ પ્રક્રિયા પણ હાથ ધરાય છે અને રાજકોટને પણ જીએસટી અપિલેટ માટેની સર્કિટ મળી છે પરંતુ કોઈને કોઈ કારણોસર જે ઝડપભેર કામગીરી થવી જોઈએ તે થઈ શકી નથી અને આજે પણ અપિલેટ ટ્રિબ્યુનલની સર્કિટ શરૂ થઈ શકી નથી. જીએસટી ટ્રિબ્યુનલની સ્થાપના કરવી આવશ્યક સાબિત થઈ હતી. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ કેન્દ્ર સરકાર અને ખાસ તો નાણામંત્રાલય દ્વારા ગુજરાતમાં જીએસટી શરૂ કરવાનો નિર્ણય કર્યો અને રાજકોટ સહિત ત્રણ શહેરોને જીએસટી ટ્રિબ્યુનલની ફાળવણી થઈ.

પરંતુ હજુ સુધી આ ટ્રિબ્યુનલ કાર્યરત થયું નથી ત્યારે વેપારીઓમાં હવે એવી પણ ચર્ચા શરૂ થઈ છે કે ક્યારે આ ટ્રીબ્યુનલ શરૂ થશે અને તેની અમલવારી ક્યારથી થશે કારણકે ૩૭,૦૦૦ થી વધુ કેસ પેન્ડિંગ પડેલા છે અને તેનું તાકીદે નિવારણ લાવવું એ પણ એટલું જ કપરું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ અંગે સરકાર ગંભીરતાપૂર્વક વિચાર કરી તેની તુર્તમાં અમલવારી શરૂ કરે.

રાજકોટ સહિત રાજ્યના વેપારીઓનો સમય અને નાણાનો વ્યય ન થાય તે માટે ત્રણ શહેરોમાં આ ટ્રિબ્યુનલ શરૂ થશે જેના પરિણામ સ્વરૂપે વેપારીઓએ હવે જીએસટીના કેસ માટે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં જવું નહીં પડે અને વિવાદિત કેસ ટ્રીબ્યુનલમાં પડકારી શકાશે. મળતી માહિતી મુજબ હાલ મદ્રાસ બાર દ્વારા આ અંગે સુપ્રીમમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે કે જે રીતે જીએસટી અપિલેટ બનાવવામાં આવ્યું છે તે ગેર બંધારણીય છે જે અંગે હાલ સુપ્રીમમાં સુનાવણી ચાલી રહી છે. હાલ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સુપ્રીમમાંથી ચુકાદો આવતાની સાથે જ ટ્રિબ્યુનલ શરૂ થઈ જશે જે સુરતમાં બેન્ચ બેસશે અને રાજકોટમાં સર્કિટ બેસશે જેથી પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય..

વેપારીઓમાં હાલ એક માત્ર રોષ વ્યાપી ઉઠ્યો છે કે જીએસટી વિભાગ મન ફાવે તેમ આકરણી કરે છે અને તેની સીધી અસર વેપારીઓ ઉપર પડે છે ત્યારે વેપારીઓએ આ અંગે જો ચેલેન્જ કરવું હોય તો તેઓએ હાઈકોર્ટ અથવા તો સુપ્રીમ કોર્ટનો સહારો લેવો પડે છે એટલું જ નહીં તે પૂર્વે અપીલ કમિશનર સમક્ષ તેઓ અપીલમાં પણ જતા હોય છે પરંતુ જે ન્યાય મળવો જોઈએ તે મળતો નથી અને ન છૂટકે તેઓએ વડી અદાલતનો સાથ અને સહકાર લેવો પડતો હોય છે હાલ તે સ્થાને પણ ખૂબ વધુ કેસ પેન્ડિંગ હોવાના કારણે કામગીરી શક્ય બનતી નથી.

બીજી તરફ આકારણી કરનાર અધિકારી પણ GSTના હોય છે અને અપીલ કમિશનર પણ GSTના જ હોય છે. જો વેપારીને અપીલ કરવી હોય તો દાવાની કુલ રકમના ૧૦% રૂપિયા જમા કરવવા પડતા હોય છે. જો અપીલમાં સંતોષ ન થાય તો વેપારીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી કેસ લડવો પડે છે. જેમાં વેપારીઓનો સમય અને પૈસા વધુ વપરાય છે સાથે જ કરવેરા સલાહકારોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હવે અમદાવાદ, સુરત અને રાજકોટમાં GST ટ્રિબ્યુનલ શરૂ થાય તેવી શક્યતા છે. જેના કારણે જો અધિકારીઓએ આડેધડ આકારણી કરી હશે તો વેપારીઓ પોતાના શહેરની નજીક આવેલી GST ટ્રિબ્યુનલમાં તેને પડકારી શકશે.

GST ટ્રિબ્યુનલ શરૂ થવાથી વેપારીઓના રોકાયેલાં નાણાં વહેલાં છૂટાં થશે. જેનાથી બિઝનેસમેનની વર્કિંગ કેપિટલ અનબ્લોક થશે. નાણાંકીય રોટેશન થશે અને દેશું અર્થતંત્ર વધુ મજબૂત થશે. તેમણે ઉમેર્યું કે, એકવાર ટ્રિબ્યુનલનું ગઠન થયા બાદ વેપારીઓ GSTના પડતર કેસોના નિકાલ માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જતાં પહેલાં ટ્રિબ્યુનલમાં જઇ શકશે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવાથી ઘણો સમય વ્યતિત થાય છે અને ખર્ચો પણ વધારે થાય છે એટલે ટ્રિબ્યુનલનું ગઠન થવાથી તેમાં પણ ફાયદો થશે. બીજુ હાલના પડતર કેસોનો ઝડપી નિકાલ થશે અને તેમાં તીવ્ર ઘટાડો થશે.

GST કાયદો આવ્યો ત્યારથી ટ્રિબ્યુનલ રચાઇ નહોતી દેશભરમાં જ્યારથી GST કાયદો અમલમાં આવ્યો ત્યારથી અત્યાર સુધી ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી નહોતી. અગાઉ દેશમાં કયા કયા રાજ્યોમાં GST ટ્રિબ્યુનલ બનાવવામાં આવશે તેની જાહેરાત તો કરવામાં આવી હતી પરંતુ તેનો અમલ થઇ શક્યો ન હતો. માત્ર નવી દિલ્હી ખાતે GST ટ્રિબ્યુનલની સેન્ટ્રલ એટલે કે પ્રિન્સિપલ બેન્ચની સ્થાપના કરીને ટેકનિકલ મેમ્બર (સ્ટેટ) તરીકે એ. વેણુપ્રસાદ અને અનિલકુમાર ગુપ્તા (ટેકનિકલ કમિટી મેમ્બર, સેન્ટ્રલ)ની નિમણૂક કરાઇ હતી.

### ગુજરાતના હજાર કેસ પેન્ડિંગ

જીએસટીના જાણકાર અને તજજ્ઞો દ્વારા જે માહિતી અને આંકડાઓ સામે આવી રહ્યા છે તે મુજબ હાલ રાજ્યમાં હજારો કેસ અપીલ કમિશનર, હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યા છે અને પરિણામ સ્વરૂપે કરોડો રૂપિયાની જીએસટી આવક પણ અટકી ગઈ છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ હવે જીએસટી અપિલેટ ટ્રિબ્યુનલ શરૂ થાય તે ખૂબ જરૂરી અને આવશ્યક છે. જેથી પડતર કેસોમાં નિકાલ આવે અને જીએસટીની આવક શરૂ થઈ શકે.

### ટ્રિબ્યુનલના અભાવે વેપારીઓના ૫૦૦૦ કરોડ રૂપિયા સલવાયા

જીએસટી ટ્રિબ્યુનલ ન હોવાના કારણે વેપારીઓએ હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં દાદ મેળવવી પડે છે ત્યારે આશરે ૫,૦૦૦ કરોડથી વધુ રૂપિયા સલવાયા હોવાની પણ વિગતો સામે આવી રહી છે જો આગામી દિવસોમાં અને નજીકના સમયમાં આ રકમનો નિવેડો ન આવ્યો તો વેપાર ક્ષેત્રે ઘણી માટી અસરનો સામનો કરવો પડશે ત્યારે તાકીદે જીએસટી ટ્રિબ્યુનલ સ્થાપિત થાય અને તેનો યોગ્ય નિવારણ લાવવામાં આવે તે દિશામાં હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. જીએસટી ટ્રિબ્યુનલ શરૂ થાય તો તાકીદે બધા કેસો સાંભળવામાં આવશે કે કેમ અને તેનું નિરાકરણ કેટલા સમયમાં આવશે તે પણ એટલું જ મહત્વનું છે. રાજકોટમાં ટ્રિબ્યુનલ સર્કિટ શરૂ થતા જ સૌરાષ્ટ્ર કચ્છના વેપારીઓએ અમદાવાદ સુધી ધક્કો ખાવો નહીં પડે અને રાજકોટમાં જ તેઓ તેમના કેસનું પરિણામ મેળવી શકશે હા એ વાત સાચી છે કે જ્યારે રાજકોટમાં આ ટ્રિબ્યુનલ શરૂ થશે તો અહીં કામનું ભારણ પણ એટલું જ વધુ જોવા મળી શકે છે.

### સિવિલ સર્વિસના નિવૃત્ત અધિકારીઓ ટ્રિબ્યુનલમાં થશે સહભાગી

કેન્દ્ર સરકાર જે ટ્રિબ્યુનલ રચશે તેમાં રિટાયર્ડ જજ સહિત નિવૃત્ત IRS, નિવૃત્ત ઈંઅજ, રિટાયર્ડ ચીફ કમિશનર તેમજ એડવોકેટ જજ તરીકે ફરજ બજાવશે. જો કે હજુ સુધી ટ્રિબ્યુનલ સ્થાપવામાં આવી નથી. હાલ આ કાર્યમાં હજુ પણ સમય લાગી શકે તેમ છે પરંતુ જીએસટીના તજજ્ઞો અને સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ થનારી તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને તે ગમે તે ઘડીએ શરૂ થઈ શકે તેમ છે જેથી વ્યાપારીઓમાં હાલ હાસકારો જોવા મળી રહ્યો છે.

### ટ્રિબ્યુનલ મેમ્બરોની ટ્રેનિંગ પૂર્ણ, સર્કિટ ચાલુ થવાની જોવાતી રાહ

હાલ ટ્રીબ્યુનલ મેમ્બર તથા કર્મચારીઓ કે જેઓની નિમણૂક થઈ છે તેમની એક મહિનાની ટ્રેનિંગ પણ પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે માત્ર ટ્રિબ્યુનલ સર્કિટ શરૂ થાય તે માટેની હાલ આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે જેથી જે કેસનું ભારણ છે તે મહદ અંશે ઘટી જાય અને વેપારીઓના સલવાયેલા નાણા તેઓને પરત મળી રહે અથવા તો કહી શકાય કે ટ્રેબીનલ શરૂ થતા હાલ જીએસટીમાં કાર્યકર્તા કમિશનરોનું કામનું ભારણ પણ મહદ અંશે ઘટી જશે.

### વેપારીઓ માટે કપરા ચડાણ

સ્ટેટ જીએસટી હોય કે સેન્ટ્રલ હાલ વેપારીઓ દ્વારા જે અપીલ કરવામાં આવી હોય તેમાં તેઓના મતનો નિર્ણય ન આવે તો તેઓ હાઈકોર્ટમાં જાય કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન છે કારણ કે હાઈકોર્ટમાં જવું અત્યંત ખર્ચાળ છે જેથી તેઓ નિરાશ થઈ જતા હોય છે કારણ કે આજ દિન સુધી હજુ ટ્રિબ્યુનલ શરૂ થયું નથી. તો સામે ઘણા કેસો એવા પણ હશે કે લોકો ટ્રીબ્યુનલમાં જવા પણ ન માંગતા હોય ત્યારે હાલ સમગ્ર સ્થિતિ પર અનેક પ્રશ્નો ઉભા થઈ ચૂક્યા છે.

---

પાટડી-સાયલામાં ૧,૫૦૦ કરોડના જમીન કૌભાંડના સંદર્ભમાં EDના દરોડા

# એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ મોરી પાસેથી મળ્યા ૬૦ લાખ

## ૧૪ દિવસના રિમાન્ડ કર્યા મંજૂર : કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને પદ પરથી હટાવ્યા, DDOને સોંપ્યો હવાલો

અમદાવાદ, તા. ૨૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમ છેલ્લા બે દિવસથી સુરેન્દ્રનગર જિલ્લામાં દરોડા પાડી રહી છે. સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર પટેલ ઉપરાંત, તેમના અંગત સહાયક જયરાજસિંહ ઝાલા, તેમના ડેપ્યુટી અને તેમના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ મોરી સહિત તેમના નિવાસસ્થાનો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ કેસના સંદર્ભમાં તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી અને તેમના નિવાસસ્થાનમાંથી ૬૦ લાખ રૂપિયાથી વધુ રોકડ મળી આવી હતી. ચંદ્રસિંહ મોરીને કોર્ટમાં રજૂ કરવામાં આવી રહ્યા છે અને ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી રહી છે. દરમિયાન, ૨૦૧૫ બેચના ઈંઅજ અધિકારી અને હાલમાં સુરેન્દ્રનગર કલેક્ટર તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર પટેલ પાસે ૫ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ હોવાનું જાણવા મળ્યું છે. પાટડી અને સાયલામાં ૧,૫૦૦ કરોડના જમીન કૌભાંડના સંદર્ભમાં દરોડા પાડીને ED એ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. ED હાલમાં તપાસ કરી રહી છે, ત્યારે ઘણા વર્ષોથી કલેક્ટરના સહાયક જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા જયરાજસિંહ ઝાલાના લખતર નિવાસસ્થાન પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે લખતર એસ્ટેટ થાન વિડ વિસ્તારમાં ૩,૬૦૦ વીઘાથી વધુ જમીન ધરાવે છે. આ કેસ ૨૦૨૩ થી કોર્ટમાં પેન્ડિંગ છે. જિલ્લા કલેક્ટરના સહાયક જનસંપર્ક અધિકારી જયરાજ સિંહ લખતરના રહેવાસી છે. આ વીડની કરોડો રૂપિયાની જમીન પર સર્વે નંબરોમાં નામ ઉમેરવામાં આવ્યા હોવાની શંકા છે. ED થાન વિડ વિસ્તારમાં આવેલી જમીનની પણ તપાસ કરી રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તપાસમાં આખરે અનેક જમીન સોદાઓમાં સંડોવણીનો ખુલાસો થઈ શકે છે. પીએમએલએની કલમ ૧૭ હેઠળ, વઢવાણના નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીના નિવાસસ્થાનની શોધ દરમિયાન, ₹૬૭.૫૦ લાખ રોકડા મળી આવ્યા હતા અને જપ્ત કરવામાં આવ્યા હતા. રોકડ રકમ તેમના બેડરૂમમાં છુપાવવામાં આવી હતી. આરોપી ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીએ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પીએમએલએની કલમ ૧૭ હેઠળ નોંધાયેલા પોતાના નિવેદનમાં સ્વીકાર્યું હતું કે જપ્ત કરાયેલી રોકડ લાંચના પૈસા હતા, જે અરજદારો પાસેથી સીધા અથવા મધ્યસ્થી દ્વારા કાયદેસર જમીન-ઉપયોગ અરજીઓના ઝડપી અથવા ન્યાયી નિકાલ માટે માંગવામાં આવ્યા હતા અને એકત્રિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકારે બુધવારે સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલની પોસ્ટિંગ વિના બદલી કરી હતી. લાંચ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેમની ઓફિસમાં તૈનાત એક જુનિયર અધિકારીની ધરપકડ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (GAD) દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા મુજબ, પટેલને સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર તરીકેના તેમના પદ પરથી બદલી કરવામાં આવ્યા છે અને તેમની સેવાઓ ''આગામી આદેશો સુધી'' GAD પાસે રહેશે.

તેમાં જણાવાયું હતું કે જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. યાજ્ઞિક આગામી આદેશો સુધી કલેક્ટરનો વધારાનો હવાલો સંભાળશે. આ આદેશ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં તૈનાત નાયબ મામલતદાર (મહેસૂલ અધિકારી) ચંદ્રસિંહ મોરીની ધરપકડ કર્યાના એક દિવસ પછી જારી કરવામાં આવ્યો હતો, જેમણે તેમના ઘરની તપાસ કરી અને તેમના નિવાસસ્થાનમાંથી ₹૬૭.૫૦ લાખ જપ્ત કર્યા. EDએ મંગળવારે લાંચ સંબંધિત મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં મોરીના સુરેન્દ્રનગર સ્થિત ઘરની તપાસ કરી હતી. તેમને બુધવારે અહીંની એક ખાસ ૐખક્અ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧ જાન્યુઆરી સુધી ED કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

